Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ – સંચાલિત

વર્ષ ૨૯ મું
અંક ૬ ઠ્ઠો
સં. ૨૦૪૬
સન ૧૯૯૦
માર્ચ

# પથિક

તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]
આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## અનેકાંતનું હાર્દ

"જો વિશ્વમાં સત્ય એક જ હોય, એ સત્ય સિદ્ધ કરવાનો માર્ગ એક જ ન હોય તો ભિન્ન ભિન્ન માર્ગે એ સત્ય સુધી કઈ રીતે પહોંચી શકાય એ સમજવા માટે વિરોધી અને ભિન્ન ભિન્ન દેખાતા માર્ગોનો ઉદાર અને વ્યાપક દૃષ્ટિએ સમન્વય કરવો એ કોઈ પણ ધાર્મિક અને પ્રભાવશાળી પુરુષ માટે આવશ્યક કર્તવ્ય છે અનેકાંતવાદની ઉત્પત્તિ ખરી રીતે આવી જ વિશ્વવ્યાપી ભાવના અને દૃષ્ટિમાંથી થયેલી છે અને એને એવી રીતે જ ઘટાવી શકાય."

—પં. સુખલાલજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[અનુસંધાન પૂંઠી ૨ ઉપરનું ચાલુ]

તકો તેમ અધિકારો મળ્યા છે તેનો એમણે સદુપયોગ કરીને ઉન્નતિશીલ જીવન જીવવા પ્રયાસ કરવો જોઈએ."

સમારંભના પ્રમુખસ્થાનેથી સ. પ. યુનિ ના ઉપકુલપતિશ્રી પ્રો. કે. સી. પટેલે જણાવ્યું હતું કે "આધુનિક ભારતમાં નારીનું સ્થાન ખરેખર ઊંચું આવ્યું છે એમ છતાં પાટીદાર સમાજમાં દહેજની પ્રથા એક મોટી સમસ્યા છે અને બહેનોએ પણ આ દૂષણ સામે નિર્ભય બનીને એનો પ્રતીકાર કરવો જોઈએ. ઈતિહાસ-વિભાગ ટીમસ્પિરિટથી સુંદર કાર્ય કરે છે." નાના અને સુખી કુટુંબની જેમ સંપ અને સહકારની ભાવનાથી વિભાગના તમામ પ્રધ્યાપકો તથા પીએચ.ડી., એમ.ફિલ., એમ.એ.નાં વિદ્યાર્થી ભાઈ-બહેનો વિશિષ્ટ કાર્યો કરે છે એ બદલ એઓશ્રીએ આનંદ વ્યક્ત કરી સહુને અભિનંદન આપ્યાં હતાં.

પ્રસ્તુત પરિસંવાદમાં ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશની યુનિ.ઓમાંથી આવેલા ઈતિહાસના ૧૫ તજજ્ઞોએ '૧૯ મી સદીના ગુજરાતમાં નારીસમાજની જાગૃતિ માટેના પ્રયાસો' 'દ. ગુજરાતની નારી-સંસ્થાઓ આદિવાસી સ્ત્રીઓ' 'ભારતની આઝાદીની લડતમાં સ્ત્રી-નેતૃત્વ' '૨૦ મી સદીના ગુજરાતની નારી-સંસ્થાઓ અને એ અંગેની પ્રવૃત્તિઓ' 'ભારતનો નારીસમાજ, સમસ્યાઓ અને ઉકેલ' 'શ્રીમદ્‌રાજચંદ્રના નારી-સમાજના ઉત્કર્ષ અંગેના વિચારો' 'ગાંધીજીનું સ્ત્રીસુધારા અંગેનું ચિંતન' 'દયાનંદ સરસ્વતીના નારી-સમાજના ઉત્થાનના વિચારો' તથા 'પ્રેમચંદજીના સાહિત્યમાં વર્ણિત નારીસમાજ' વગેરે વિવિધ પાસાંઓ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

પરિસંવાદમાં સ્થાનિક કૉલેજોના અધ્યાપકો વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક ભવનના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ અને ઈતિહાસમાં રસ ધરાવનાર સજ્જનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ પ્રશ્નોત્તરી અને ચર્ચાઓમાં સક્રિય ભાગ લઈને પરિસંવાદને જીવંત બનાવ્યો હતો.

આ પરિસંવાદનું સંચાલન વિભાગના વાચક ડૉ. આર. એમ. શર્માએ કર્યું હતું તથા અંતમાં વિભાગના અધ્યાપકશ્રી આર પી. પંડ્યાએ સહુનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

---

## વૃત્તપત્રના કાયદા પ્રમાણે
## 'પથિક' માસિક સંબંધી હકીકત
## (ફૉર્મ-૪, નિયમ ૮ પ્રમાણે)

| | |
|---|---|
| ૧. પ્રકાશન-સ્થળ : | મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૬ |
| ૨. પ્રકાશનની મુદત : | માસિક |
| ૩. મુદ્રકનું નામ : | પ્રો. કેશવરામ કાશીરામ શાસ્ત્રી |
| રાષ્ટ્રિયતા ભારતીય છે ? : | હા |
| સરનામું : | ૧. પ્રમાણે |
| ૪. પ્રકાશકનું નામ : | પ્રો. કેશવરામ કાશીરામ શાસ્ત્રી |
| રાષ્ટ્રિયતા ભારતીય છે ? : | હા |
| સરનામું : | ૧. પ્રમાણે |
| ૫. તંત્રીનું નામ : | પ્રો. કેશવરામ કાશીરામ શાસ્ત્રી |
| રાષ્ટ્રિયતા ભારતીય છે ? : | હા |
| સરનામું : | ૧. પ્રમાણે |
| ૬. વૃત્તપત્રના માલિક : | સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ |

હું, કેશવરામ કાશીરામ શાસ્ત્રી, જણાવું છું કે ઉપર જણાવેલી વિગતો મારા જાણવા તથા માનવા પ્રમાણે સાચી છે.

તા. ૧-૩-૧૯૯૦ (પ્રો.) કેશવરામ કાશીરામ શાસ્ત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "આધુનિક યુગમાં ભારતનો નારીસમાજ"

## પરિસંવાદ

સોમવાર તા. ૨૨-૧-૧૯૯૦ ના રોજ સરદાર પટેલના અનુસ્નાતક ઈતિહાસ-વિભાગના ઉપક્રમે તથા આણંદની મિસ્ત્રી ન્યૂઝ પેપર સ્ટોર્સના માલિક શ્રી નગીનભાઈ મિસ્ત્રીના આર્થિક અનુદાનથી તા. ૨૨-૧-'૯૦ ના દિવસે એક પરિસંવાદ "આધુનિક યુગમાં ભારતનો નારીસમાજ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એક અધ્યયન" વિષય ઉપર રાખવામાં આવ્યો હતો.

પ્રસ્તુત પરિસંવાદમાં ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશની યુનિવર્સિટીઓ તથા કૉલેજોના ૨૦ જેટલા અભ્યાસી વિદ્વાનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યાં હતાં.

આ પરિસંવાદનો ઉદ્ઘાટન-સમારંભ તથા આણંદની એક શૈક્ષણિક સંસ્થાઓના સ્થાપક અને ભારતની આઝાદીની લડતના સ્વાતંત્ર્ય-સેનાની, રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના માનાર્હ મંત્રી શ્રી તથા સ.પ. યુનિ.ની સેનેટ-સિન્ડિકેટના વરિષ્ઠ માનનીય સભ્ય શ્રી ગોરધનભાઈ વકીલ, જેમના અમૃતમહોત્સવ નિમિત્તે સંમાનસમારંભ તેમજ ગયા વર્ષે પંડિત જવાહરલાલ નહેરુ શતાબ્દી ઉજવણી નિમિત્તે વિભાગ દ્વારા યોજાયેલ નિબંધસ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓનો પારિતોષિક-વિતરણ સમારંભ યુનિ ના સેનેટ હોલમાં યોજાયો હતો.

આ સમારંભનો મંગલ પ્રારંભ ઈતિહાસવિભાગની બહેનોની પ્રાર્થનાથી થયો હતો. આ પ્રસંગે વિભાગના અધ્યક્ષ અને પરિસંવાદના નિયામક ડૉ. જી. ડી. શુક્લે સહુ નિમંત્રિત મહેમાન વક્તાઓનો પરિચય કરાવ્યો હતો તથા શ્રોતાજનોને હાર્દિક આવકાર આપ્યો હતો. સ્વાગત-પ્રવચનમાં શ્રી શુક્લે પરિસંવાદના હેતુ તથા વિષય પરથી કેટલીક મહત્ત્વની બાબતો અને એમાં આજના જુવાનો કેવી રીતે સહાયરૂપ બની શકે એ અંગે નિર્દેશ કર્યો હતો.

દીપપ્રજ્વલન ડૉ. ગોરધનભાઈ વકીલે કર્યું હતું. એઓશ્રીએ પરિસંવાદનું ઉદ્ઘાટન કરી વિભાગને આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે "આધુનિક યુગમાં ભારતનો નારીસમાજ" એ વિષય ખરેખર સાંપ્રત સમયમાં ખૂબ જ મહત્ત્વનો છે. એ અંગેની ચર્ચા, એની સમસ્યાઓ તેમજ યોગ્ય ઉકેલ શોધવા માટે આ પરિસંવાદ યોજવામાં આવ્યો છે, એ ખરેખર પ્રશંસનીય બાબત છે. આ વિભાગનો સતત ઉત્કર્ષ થાય છે એનો હું પ્રારંભથી સાક્ષી છું. આજે ઈતિહાસવિદો અત્રે એકત્રિત થયા છે તેઓ ખરેખર નારીસમાજની સમસ્યાઓ અને એના ઉકેલ માટે પોતાના સ્વતંત્ર વિચારો દ્વારા સમાજને ઉપયોગી જ્ઞાન જરૂર પૂરું પાડશે એવી આશા રાખું છું."

વિભાગની વિવિધ પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ વિભાગના વાચક ડૉ. મગનભાઈ પટેલે આપ્યો હતો. એમણે કહ્યું હતું કે "વિભાગ પૂર્ણ સ્વરૂપે સ્થપાયા પછીથી વિભાગ દ્વારા આયોજિત સ્થાનિક પ્રાદેશિક તેમજ રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ યોજેલ સેમિનાર-સિમ્પોઝિયમ વગેરેમાં ઉત્સાહપૂર્વક સંશોધનનિબંધો રજૂ કરે છે તથા યુનિ. અને રાજ્યકક્ષાએ યોજાતી સંશોધનાત્મક સ્પર્ધામાં ભાગ લે છે અને પારિતોષિકો પણ મેળવે છે. આ વિભાગના અધ્યાપકોએ પોતાના સ્વતંત્ર સંશોધન-ગ્રંથ પણ પ્રકાશિત કર્યા છે, જે ગુજરાત અને ગુજરાત બહાર ઈતિહાસના વિદ્વાનો ઉપરાંત અન્ય વાચકોમાં પણ સારી પ્રશંસા પામ્યા છે. વિભાગ દ્વારા ત્રણ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે અને હાલ ૧૦ જેટલા વિદ્યાર્થીઓ સંશોધનકાર્ય કરી રહ્યા છે." તદુપરાંત એમણે વિભાગ દ્વારા યોજવામાં આવતી અભ્યાસલક્ષી તથા શિક્ષણેતર પ્રવૃત્તિઓનું પણ ટૂંકમાં બયાન કરાવ્યું હતું.

સમારંભના મુખ્ય અતિથિ તરીકે આણંદ મ્યુનિસિપાલિટીના પ્રમુખશ્રી બાબુભાઈ ગિરધરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. એઓશ્રીએ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન કરતાં કહ્યું હતું કે "સમાજમાં સ્ત્રીઓને આજે સારી

[અનુસંધાન પૂંઠી ૩ ઉપર ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.30/-
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. 3/-
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૨૯ મું] ફાલ્ગુન, સં. ૨૦૪૬ : માર્ચ, સન ૧૯૯૦ [અંક ૬ ઠ્ઠો

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

- 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.
- પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.
- કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂકયાં હોય તો એના ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.
- **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકના રહેશે.**
- 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.
- અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.
- નમૂનાના અંકની નકલ માટે ૩–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો પથિક કાર્યાલય,** મધુવન, એલિસબ્રિજ **અમદાવાદ-૩૮૦૦૦૬**

અનુક્રમ


| | | |
|---|---|---|
| કામરેજ(જિ.સુરત)ના દોઢસો વર્ષજૂના દસ્તાવેજ | ડૉ. ગુણવંતરાય જ. દેસાઈ | ૩ |
| ઉપનિષત્કાલીન શિષ્ય(અપૂર્ણ) | ડૉ. કાન્તિલાલ રા. દવે | ૬ |
| સિદ્ધરાજની પુત્રી અને એનો પુત્ર | શ્રી હસમુખ વ્યાસ | ૯ |
| સુલતાન મહમદ બીજો | શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ | ૧૧ |
| શિકારપુર ટીંબો | ડૉ. પુલિન વસા | ૧૩ |
| હરિજન કોઈ એક કોમ નથી | શ્રી રોહિણી પૃથ્વીરાજ | ૧૫ |
| શ્રીલાખેશ્વર મહાદેવ | શ્રી. મનસુખભાઈ એમ. સ્વામી | ૧૮ |
| કાલાવડનું પુરાતન | શ્રી યશવંત ઉપાધ્યાય | ૧૯ |
| કાઠિયાવાડનો રાજકીય પરિચય | શ્રી ગોવિંદ મકવાણા | ૨૦ |
| કચ્છ : ઇતિહાસ સંસ્કૃતિ(ચાલુ) | શ્રી. ઠાકરશી પુ. કંસારા | ૯૭–૧૦૪ |


## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/-થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ **અનામત** જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસ એક અચ્છો શિક્ષક, માર્ગદર્શક છે.

અતીતની એક આખી પેઢી જીવનની પાયાની ત્રણ બાબતોને આધારે ભર્યું ભર્યું જીવી ગઈ :

૧. ભૂતકાળનું ગૌરવ


૨. વર્તમાનની પીડા

૩. ભવિષ્યનું સ્વપ્ન

સાંપ્રતમાં જીવતા આપણા સૌ ઉપર આવનારી પેઢીની અનાગત જવાબદારી છે.



આપણે ઇતિહાસ પાસેથી મન-બુદ્ધિ-ની આંખ ખુલ્લી રાખી કંઈ ભણી શકીએ ?



કાન ખુલ્લા રાખી ઇતિહાસ પાસેથી માર્ગદર્શન મેળવી શકીએ ?
જીવી શકીએ ?

આ દિશાના પ્રયત્નો કરીએ તો આવનારો સમય ઉજ્જવળ છે.

સૌજન્ય :

એકસેલ ઇન્ડસ્ટ્રીઝ, લિ.
૬/૨ રૂવાપરી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૨૫૩૨૨-૨૩-૨૪



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામરેજ(જિ.સુરત)ના દોઢસો વર્ષ જૂના દસ્તાવેજ

ડૉ. ગુણવંતરાય જ. દેસાઈ

(સુરત જિલ્લામાં આવેલું હાલનું માંડવી અંગ્રેજ સરકારના તાબામાં આવતાં પહેલાં એક નાનું સરખું દેશી રાજ્ય હતું. એ રાજ્યમાં રાજપૂત રાજાઓનું શાસન હતું. શ્રી પદ્માનંદ પરમાનંદ વજીરના બાપ-દાદાઓ કામરેજ તાલુકાના મુખ્ય મથક કામરેજ ગામના વતની અને માંડવીના રાજાના વજીર (દીવાન) હતા. જેનો અભ્યાસ કરવામાં આવ્યો છે તે દસ્તાવેજી પત્રો હાલમાં હયાત શ્રી પદ્માનંદભાઈ વજીર (૮૦) પાસેથી મેળવવામાં આવ્યા હતા. એમના વડવાઓની વજીરાતને લગતા જૂના પત્રો અને દસ્તાવેજ જીર્ણ થઈ ગયેલા છે. કેટલાક કાગળ વચમાંથી કાણાં પડીને ફાટી ગયા છે. તમામ મહત્ત્વના કાગળો સૂતરની મજબૂત દોરીથી બાંધીને પોથી જેવી બાળી નોટના સ્વરૂપે સચવાયેલા છે. કેટલાક પત્રો નોટમાંથી છૂટા પડી ગયા છે. કાગળો ઝાંખા, પીળા રંગના, પ્રમાણમાં જાડા છે. એની લંબાઈ ૩૨ સે. મી. અને પહોળાઈ ૨૪ સે. મી. જેટલી છે, ઘણા પત્ર જુદી જુદી બાજુએથી ફાટી ગયેલા છે.)

શ્રી પદ્માનંદ પરમાનંદ વજીરના બાપ-દાદાઓ જૂના માંડવી રાજ્ય(જિ. સુરત)ના રાજાના વજીર હતા. એમની વજીરાત વંશપરંપરાગત હતી, પરંતુ બીજા કારભારીઓની ભંભેરણીથી માંડવીના મહારાણા હમીરસિંહજીના વખતમાં એમની જાગીર (વજીરાત) જપ્ત થઈ અને એમને મળતી બેથી ત્રણ ગામોની આવક બંધ થઈ. હાલમાં જે દસ્તાવજો મોજૂદ છે તેઓમાં ખાસ કરીને એમની વજીરાત ફરીથી ચાલુ કરાવવા અને રાજા પાસે બાકી નીકળતાં નાણાં મેળવવા માટે એ સમયના સુરતના અંગ્રેજ એજન્ટને લખેલી અરજીઓ અને માંડવીના રાજા સાથે કરેલો પત્ર-વ્યવહાર મહત્ત્વનાં છે.

આ સચવાયેલા દસ્તાવેજી પત્રોમાં શ્રી પદ્માનંદભાઈના બાપ-દાદાઓ જે રાજાના દીવાન હતા તેમના કારભાર અંગેની કે રાજાનાં બીજાં કાર્યોની માહિતી મળતી નથી. આશરે દોઢસો વર્ષ જૂનો દસ્તાવેજ છે, જેમાં કિત્તાથી (બરૂના છોડમાંથી બનાવેલ કલમે) લખાયેલું હોય તેવું કાળી શાહીનું લખાણ જાડા અક્ષરોમાં બાળી નોટમાં લખેલું છે. પોથીના વચ્ચેથી બે ભાગ પાડેલા છે. બંને બાજુ જુદી જુદી વિગતો છે. ઘણાખરા ગુજરાતી શબ્દો અને અક્ષરો હાલના કરતાં જુદી રીતે લખેલા છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | = | अ | અંગ્રેજી | = | અંગરેજી |
| થઈ | = | થૈ | હુકમ | = | હેકમ |
| એવી એવી | = | હેવી હેવી | નવાજશ | = | નિવાજીસ |
| રેસિડેન્ટ | = | રરીડણ | સંસ્થાન | = | સવસ્થાન |

દરેક અરજીની શરૂઆત "મોટા રાજાના નામદાર મહેરબાન" વગેરે સંબોધનથી કરી છે. વાક્ય-રચનામાં ફારસી શબ્દો અને મહેરબાની માટેની કાકલૂદી-ભરી આજીજી વારંવાર રજૂ થતી જણાય છે. હાલના શ્રી પદ્માનંદ વજીરથી આશરે આઠમી પેઢીના સુખાનંદ વજીર સુધીમાં કારોબારની નોંધ છે. માંડવીના રાજાઓની અને વજીર કુટુંબની વંશાવળી પોથીના છેલ્લા પાને આપેલી છે, આખા દસ્તાવેજમાં વજીરાત ચાલુ રાખવા માટે અને પોતાના અંગત પ્રશ્નો માટે રાજાને અને સુરતના અંગ્રેજ એજન્ટને કરેલી અરજીઓની નકલ છે, તેના જવાબો અંગ્રેજ એજન્ટે જે આપેલા તેની પણ નકલ છે. એ ઉપરાંત વાંસદાના રાજા અને ધરમપુરના રાજાના પત્રોની નકલ રાજમુદ્રાની છાપ સહિત સચવાયેલી છે. કેટલાક પત્રોની નકલ અને સમજૂતી નીચે પ્રમાણે છે :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**પત્ર નંબર ૧ :** આ પત્રમાં શરૂઆતમાં તારીખ લખી નથી. પત્ર સુરતના એજન્ટ એર્લ (ઈલિયટ હશે) સાહેબને લખેલો છે. વિદ્યાનંદ વજીરના ભાઈ વિજયાનંદે એ પત્ર એજન્ટને અરજ રૂપમાં લખેલો છે. પત્રમાં લખ્યું છે કે "પરગણાં માંડવીનું મોજે પીપરીઉ ગામ સંવત ૧૮૮ કારભારું માટે મળેલું પણ પાછળથી તે બીજા કોઈને આપેલું એટલે ફરીથી એ ગામ અમોને આપવુ

આ અરજીના જવાબમાં રૂા. ૫૦૦૧/– વાર્ષિક દરમાયો નક્કી કરીને એઓને વંશપરંપરા માંડવી પરગણાના **પીપરીઉ** ગામની વજીરાત લખી આપી છે. પત્રના અંતે સંવત ૧૮૮૬ પોષ વદ ૧૩ નો દિવસ જણાવેલ છે.

**પત્ર નંબર ૨ :** આ પત્ર ધરમપુરના રાજાના પત્રની નકલ છે. પત્ર પર રાજમુદ્રાની છા પણ નકલ છે, જેમાં નાગનું ચિત્ર છે. પત્ર મરાઠી ભાષામાં લખેલો છે. રાજાનું નામ જણાવ્યું ન

**પત્ર નંબર ૩ :** આ પત્ર વાંસદાના રાજાના પત્રની નકલ છે. વાંસદાના રાજાનું હરિસિંહજી છે. એની રાજમુદ્રા પણ છે. વાંસદાના રાજાએ માંડવીના રાજાને સંબોધીને શિવાનંદ વજ મેંદર (હાલનું મેંધર) ગામનો કારોબાર કરવાની મંજૂરી આપી છે.

**પત્ર નંબર ૪ :** આ પત્ર વિજયાનંદ વજીરે લખેલો છે. પત્રની વિગત મુજબ વાંસદ રાજાની નોકરી નિત્યાનંદ અને આત્માનંદ વગેરેએ કરી હતી એ બદલ એમને **રંગપુર-પારસી ભઠી** વગેરેનો વહીવટ આપ્યો હતો, જે રાજાએ પાછો ખેંચી લીધો હતો. આ કારોબાર ફરીથી કરાવવા સુરતના એજન્ટને પત્ર લખ્યો છે. પત્ર નીચે વિજયાનંદ વજીરની સહી છે.

**પત્ર નંબર ૫ :** આ પત્ર પણ વિજયાનંદે લખેલો છે. પત્રના મથાળે તા ૬ જૂન, ૧૮ લખી છે. પત્રની વિગત મુજબ **પીપરીઉ** અને **વાડી** ગામની બાબતમાં પોતાને અધિકાર આપવા અં એજન્ટને લખ્યું છે. આ પત્રમાં થોડી વધુ વિગતો આપી છે. **વાડી** અને **પીપરીઉ** ગામનો ક મહેતા વીજભુખણદાસ મનોરદાસ પાસેથી લઈને પોતાને અપાવવા માટેની વિગત પત્રમાં છે, જવાબમાં સુરતના એજન્ટે પચાસ વર્ષ ઉપરના હેવાલો માગ્યા હતા એટલે એક અરજી તા. ૧૨ ૧૮૪૧ ના રોજ ફરીથી વિજયાનંદે કરી હતી તેમાં પોતાને માંડવીના રાજા પાસેથી કાયમને માટે ગામો ભોગવટા માટે મળ્યાં છે એમ જણાવ્યું અને એ વખતના સને ૧૮૧૦ ના રોજ સુરતના એ પણ એ મંજૂર કરેલાં હતાં એમ જણાવીને ફરીથી એ ગામો પોતાને મળે એવી દાદ માગી છે.

**પત્ર નંબર ૬ :** માંડવીના રાજા દુર્જનસિંહે કમ્પની સરકારને લખેલા પત્રની નકલ છે. પત્ર તા. ૧૭ જૂન, ૧૮૪૧ નો છે. પત્ર સુરતના એજન્ટ પર લખાયેલો છે. પત્રની વિગત પ્રમાણે છે :

"માંડવી ઉપર ફકીર અબદલી રહેમાને ૧૮૧૦ માં ચઢાઈ કરી અને રાજાની ગાદી જપ્ત ગામને આગ લગાડી, બ્રાહ્મણોને મુસલમાન બનાવવા પ્રયત્ન કર્યો તે માટે સાહેબની સરકારને મોકલી સવસ્થાન (સંસ્થાન) માંડવી સર કરી આપો તો ઊપજમાંથી છ આની ભાગ સાહેબને આ તથા લશ્કરનો જે ખર્ચ થશે તે આપશું (આપીશું)."

પત્રમાં વજીરાત પાછી મેળવવા માટે પણ અંગ્રેજ સરકારની મદદ માગી હતી. સુરતના અં એજન્ટે એવો જવાબ લખ્યો હતો કે "માજી રાજાઓએ તમારો હક્ક લખી મુકાવેલો એના દસ્તા લખી મોકલશો પછી તમને જવાબ દેવામાં આવશે."

આ પત્રના જવાબમાં વિજયાનંદ વજીરે બીજી એક અરજી ૨૧ જૂન, ૧૮૪૧ ના રોજ કરી ફરીથી બીજી અરજી ૩૧ જૂને મોકલી છે એમ નકલ કરેલા પત્રમાં લખ્યું છે, પરંતુ જૂનના જ દિવસ હોય છે. લખવામાં ભૂલ થઈ હોય એમ લાગે છે.



For Private and Personal Use Only

**પત્ર નંબર ૭ :** આ પત્ર અંગ્રેજ એજન્ટના પત્રની નકલ છે. પત્ર તા.૨૧ ઑગસ્ટ, ૧૮૪૧ ના રોજ લખ્યો છે. પત્રમાંની વિગત પ્રમાણે "વજીરાત વગેરે હક્કો તા. ૫ ઑગસ્ટ ૧૮૪૧ થી મંજૂર કરવામાં આવ્યા છે."

પત્રની નીચે અંગ્રેજ એજન્ટની સહી છે, પણ એ વંચાતી નથી. આખી નોટમાં સચવાયેલા આ સાત પત્રો પછી ચોપડીની મધ્યમાંથી બે ભાગ પાડ્યા છે તે પૈકી જમણી બાજુ ઉપર શીર્ષક આપ્યું છે: "તા. ૧ જુલાઈ ૧૮૪૧ થી આવક જાવકની બુક જારી રાખી તે નીચે મુજબ છે."

ડાબી બાજુએ અરજીઓના જવાબો અને સુરતના એજન્ટના તથા બીજા કેટલાક પત્રોની નકલ છે.

આ પત્રો પૈકી એક પત્ર તા. ૧૨ જુલાઈ, ૧૮૪૧ નો છે. એ સુરતના એજન્ટને વિજયાનંદે કરેલી અરજી છે, જેમાં માંડવીના રાજા હમીરસિંહની પાસે પોતાના લેણા રૂપિયા ૨૧૭૯૯૬/– નીકળે છે તે અપાવવા જણાવ્યું છે તેમજ સરકારને ભલામણ કરી છે કે રાજ્યની ઊપજમાથી એ નાણાં અપાવશે.

બીજો એક પત્ર પણ પોતાની જાગીર પચાવી પાડનાર કારભારી વીજભુખણદાસ પાસે જાગીર પાછી મેળવવા લખ્યો છે. પત્રમાં વિજયાનંદે ત્રણચાર પાનાં ભરીને જાગીરનો જૂનો ઈતિહાસ જણાવ્યો છે. છેવટનાં થોડાં પાનાં બગડી થયાં છે અને કાણાં પડીને વંચાય નહિ તેવાં થઈ ગયાં છે.

## સારાંશ :

આખી નોટમાં સચવાયેલા આ ઐતિહાસિક દસ્તાવેજ જેવા પત્રોનો અભ્યાસ કરતાં નીચે મુજબની માહિતીની જાણકારી મળે છે :

૧. ઈ.સ. ૧૮૪૦ ની આસપાસના સમયમાં ગુજરાતના દક્ષિણ વિભાગમાં આવેલાં રજવાડાં અંગ્રેજોના હાથારૂપ બની ગયાં હતાં; એમનાથી સ્વતંત્રપણે રાજકારભાર થતો નહિ.

૨. બાહ્ય આક્રમણો, ખાસ કરીને મુસલમાનોનાં આક્રમણ, ખાળવાની તાકાત એમનામાં ન હતી.

૩. રાજ્યમાં લાગવગ અને હાજીહા કરનાર વર્ગ રાજા કે અંગ્રેજોના પક્ષમાં ભળી જઈ બધું ગેરકાયદે ચલાવી શકતો.

૪. અગાઉના રાજાઓ તરફથી વંશપરંપરાગત બક્ષેલી જાગીરો પણ પાછળના રાજાઓ વચન–ભંગ થઈને બીજાને આપી દેતા અને કમ્પની સરકાર બંને પક્ષો પાસે પોતાનું હિત પડાવી લઈને મોટા અધિકારીઓને અરજી જેવી લાંબી કાર્યવાહીમાં ગૂંચવી દઈ શકતી.

૫. એ સમયમાં એટલે કે આજથી દોઢસો વર્ષ પહેલાં મુસલમાનોના હુમલા થતા, ધર્મપરિવર્તન માટે પ્રયત્નો પણ થતા અને અટકાવવા અંગ્રેજો મદદ કરે તો રાજ્યની ઊપજમાંથી એમને છ આની જેટલો ભાગ આપવાની રાજવીઓ કબૂલાત પણ કરતા એ બતાવે છે કે દેશી રાજાઓ કેટલા નબળા હતા અને હિંદના ઇતિહાસમાં એવાં રજવાડાંઓનો પક્ષ લઈને જ અંગ્રેજોએ પોતાનું સ્થાન દૃઢ કર્યું હતું.

૬. આ પત્રોમાં વ્યક્તિગત હકીકત સિવાય બીજી ખાસ માહિતી નથી. અંગ્રેજો અને એમનું સુરત તથા આજુબાજુનાં ગામો અને નાનાં રજવાડાંઓમાં જે વર્ચસ હતું તે જોઈ શકાય છે. રાજાઓ નિર્બળ હતા, એમનું વર્ચસ પ્રજા પર ન હતું, તો એવા સમયમાં સામાન્ય જન સમાજની કેવી દશા હશે!

૭. કામરેજના શ્રી પદ્માનંદ વજીરના વડવાઓએ માંડવી ઉપરાંત વાંસદાના રાજાના કારોબારમાં પણ મદદ કરી હતી એ બદલ એમના કુટુંબને કેટલાંક ગામ વજીરાત તરીકે મળ્યાં હતાં.

આ આખી નોટમાં સંગ્રહાયેલા પત્રોના અંતે માંડવીના રાજાની વંશાવળી અને પોતાના વજીર–કુટુંબની વંશાવળી આપી છે :

[ અનુસંધાન પા. ૮ નીચે ]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપનિષત્કાલીન શિષ્ય

ડૉ. કાન્તિલાલ. રા. દવે

જર્મન રહસ્યવાદી શોપનહૉવર[1] જેઓને 'માનવીય જ્ઞાન અને પ્રજ્ઞાનાં સર્વોત્તમ ફળ' તથા 'અતિમાનવોની પ્રજ્ઞાપ્રસાદી' ગણાવી અંજલિ આપે છે તે ઉપનિષદ્ગ્રંથોના ગૌરવાન્વિત માહાત્મ્યની આધારશિલા જ્ઞાન છે અને એ જ્ઞાનની ગંગોતરી-રૂપ તત્કાલીન શિક્ષણવ્યવસ્થા છે એ ભુલાવું ન જોઈએ. ઉત્તમ આચારવિચાર, શારીરિક અને માનસિક વિકાસ, જ્ઞાનનું સંરક્ષણ તેમ સંવર્ધન તથા શિષ્યના સર્વાંગી વિકાસ દ્વારા ધર્મ સંસ્કૃતિ તથા રાષ્ટ્રના વિકાસને ચરિતાર્થ કરવાની સફળ હામ ભીડતી તત્કાલીન શિક્ષણવ્યવસ્થાના પાયામાં રહેલાં જણાય છે. આચાર્યકુળ નામે ઓળખાતી શિક્ષણ-પદ્ધતિ હતી. આચાર્યકુળો તત્કાલીન આર્યજીવનની સંસ્કૃતિ અને સંસ્કારનાં મહાવિદ્યાલય હતાં. આચાર્ય-કુળમાં આચાર્ય અને એમના શિષ્યોનો સમાવેશ થતો હતો. આવાં આચાર્યકુળોમાં પ્રવેશ મેળવવાનો દરેકને પાત્રતાનુસાર અધિકાર હતો. વિદ્યાભ્યાસ માટે અનિવાર્ય એવા ઉપનયનસંસ્કારથી દીક્ષિત થઈ આર્યસંતાનો પોતાના જીવનનો નિશ્ચિત કાલ આચાર્ય કુળમાં ગાળવામાં ગૌરવ અનુભવતા. ઉપનયનસંસ્કારથી સમાવર્તનસંસ્કાર સુધીનું શિષ્યનું જીવન આચાર્યકુળમાં આચાર્યની પ્રત્યક્ષ દેખરેખ નીચે ઘડતર પામતું. તત્કાલીન શિષ્યો માટે બહુપ્રયુક્ત 'અન્તેવાસિન્' શબ્દ(જેનો અર્થ થાય છે 'જે ગુરુની પાસે વસે છે તે')થી પણ આ તથ્યને સમર્થન મળે છે. શિષ્યો પ્રત્યે આચાર્યનાં વાણી વર્તન અને વ્યવહાર વાત્સલ્યપૂર્ણ રહેતાં. એમના સંબંધ પિતાપુત્ર જેવા ઉષ્માપૂર્ણ રહેતા.

ઉપનિષદોના અનુશીલનથી એ સ્પષ્ટ થાય છે કે આચાર્યકુલવાસ દરમ્યાન શિષ્યને કડક આચાર-સંહિતાનું પાલન કરવું પડતું. શિષ્યો માટે બ્રહ્મચર્યવ્રત અનિવાર્ય હતું. શિષ્યો માટે ઉપનિષદોમાં પ્રયુક્ત 'બ્રહ્મચારી' શબ્દ આ સંદર્ભમાં સૂચક છે. 'બ્રહ્મચર્ય' શબ્દનો મૂળ અર્થ બ્રહ્મ યા વેદ અર્થાત્ 'જ્ઞાનનું અનુસરણ કે પ્રાપ્તિ' એવો થાય છે. જ્ઞાનની સાચા અર્થમાં પ્રાપ્તિ માટે અનિવાર્ય એવાં ઇંદ્રિયનિગ્રહ અને કઠિન વ્રતપાલનનો આદર્શ પ્રારંભથી જ આ શબ્દ સાથે જોડાઈ ગયેલો જોવા મળે છે. આ સંદર્ભમાં શિક્ષણપ્રાપ્તિના સમગ્ર સમયાવધિને અપાયેલી 'બ્રહ્મચર્યાશ્રમ' સંજ્ઞાની સાર્થકતા પણ સ્વયંસિદ્ધ છે.

બ્રહ્મચર્યની જેમ જ શિષ્યના વિદ્યાભ્યાસકાલ દરમ્યાન આચાર્ય દ્વારા શ્રદ્ધા અને તપશ્ચર્યા પર પણ વારંવાર ભાર મૂકવામાં આવેલો જોવા મળે છે. આચાર્ય ઉદ્દાલક આરુણિ પુત્ર શિષ્ય શ્વેતકેતુને 'તત્ત્વમસિ' એ મહામંત્રનો ઉપદેશ આપતાં વટબીજમાં વિરાટકાય વટવૃક્ષના નિહિત સ્વરૂપમાં શ્રદ્ધા રાખવા જણાવે છે.[2] એક વર્ષના સમયાવધિમાં શ્રદ્ધા તપ અને બ્રહ્મચર્યથી યુક્ત બન્યા બાદ જ ભરદ્વાજ આદિના આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન કરનાર આચાર્ય પિપ્પલાદ(પ્રશ્ન. ૧ ૨)નાં ઉદાહરણ કે તૈ. ઉપ.(૧-૧)ના સમાવર્તન-પ્રવચનમાં ઉપનિષદ ઠેર ઠેર શ્રદ્ધાનું જ મહિમાગાન કરતાં જણાય છે. એ જ રીતે વિદ્યાભ્યાસમાં તપની અનિવાર્યતા પર ઉપનિષદો વારંવાર ભાર મૂકે છે. તૈ. ઉપ.(૧-૯-૧) નિત્ય સ્વાધ્યાયપ્રવચનને પણ તપ તરીકે ઓળખાવે છે. ઇંદ્રે પ્રજાપતિને ત્યાં, સુકેશાદિએ આચાર્ય પિપ્પલાદને ત્યાં, સત્યકામ જાબાલે આચાર્ય હારિદ્રુમતને ત્યાં અને ઉપકોસલે આચાર્ય સત્યકામના આચાર્યકુળમાં સહનશીલતાની કસોટી કરે તેવાં કઠિન તપ આદર્યાં હોવાનું ઉપનિષદો નોંધે છે.[3]

આચાર્યકુળોમાં નિરંતર ચાલતા યજ્ઞયાગાદિ દ્વારા શિષ્યો ધાર્મિક પરંપરાઓ અને અન્ય અનુષ્ઠાનોના જીવંત સંપર્કમાં રહેતા. દેવો અને પિતૃઓ પ્રત્યે સમાદર રાખવાની કે આચાર્ય અતિથિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને માતાપિતાને દેવ માનવાની આજ્ઞા[4] પાછળ પણ વિવેકમંડિત વિદ્યાને વધુ ઉજ્જવળ બનાવી સમાજ સાથે એનું અનુસંધાન કરવાની સાત્ત્વિક વૃત્તિનાં જ દર્શન થાય છે. ઉપનિષદોમાં સંગૃહીતા કેટલીક ઉદાત્ત પ્રાર્થનાઓમાંથી પણ તત્કાલીન શિષ્યોના પવિત્ર અને નીતિપૂર્ણ જીવવાના અભિલાષાને જ પ્રતિધ્વનિ સંભળાય છે. ઉદાહરણ તરીકે બૃહદારણ્યક ઉપનિષદ(૧-૩-૨૮)ની "અસતો મા સદ્ ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય" પ્રાર્થના કેટલી મધુરોદાત્ત છે !

ઉપનિષત્કાલમાં શિષ્યો આચાર્યકુળમાં રહેતા અને જમતા એના બદલામાં આચાર્ય અને આચાર્ય-કુળની યથાશક્તિ સેવાને પોતાનું અહોભાગ્ય સમજતા. આચાર્યસેવા દરેક શિષ્યના પ્રથમ અને પરમ ફરજ મનાતી, એટલું જ નહિ, પ્રાચીન ઉપનિષદોમાં પ્રતિબિંબિત થતો આદર્શ તો એવો જણાય છે કે આચાર્યની સેવા કરતાં વધેલા સમયમાં જ વિધિપુરઃસર વેદાદિનું અધ્યયન કરવું.[5] વૈદિક વાઙ્મયમાં 'છોકરો ભણવા જાય છે' આ ભાષા જ નથી, 'છોકરો ગુરુસેવા કરવા ગુરુગૃહે જાય છે' આ ભાષા છે. આ જ પ્રણાલિકા છે એવું જણાવતાં શ્રી. પાંડુરંગ શાસ્ત્રી આઠવળેજી (સાંસ્કૃતિક વિચારધારા, પૃ. ૧૫) પણ એ કાલમાં ગુરુસેવાના અપ્રતિમ મહિમા પ્રત્યે જ અંગુલિનિર્દેશ કરતા જણાય છે.

'સુખાર્થિનઃ કુતો વિદ્યા, કુતો વિદ્યાર્થિનઃ સુખમ્' એ સુભાષિતના ભાષ્ય-સમું તત્કાલીન શિષ્યોનું જીવનઘડતર થાય એ માટે પૂરેપૂરી કાળજી આચાર્યો રાખતા. મિતનિદ્રા મિતાહાર અને મિતભાષણની સાથે સાથે સ્વાવલંબનની બારાખડી પણ એમને ઘૂંટવી પડતી. અન્ય ફરજોમાં ધાર્મિક વિધિઓ માટે જરૂરી સમિધા-ચયન અને ગોસેવા એ બે કર્તવ્ય ખાસ મહત્ત્વપૂર્ણ મનાતાં. એ નોંધવું રસપ્રદ છે કે કેટલાક કિસ્સાઓમાં તો શિષ્યોનો ખૂબ લાંબો સમય ગોપાલનમાં જ વ્યતીત થઈ જતો. છાં. ઉપ.(૪-૪-૫)માં પ્રાપ્ત ઉલ્લેખ અનુસાર શિષ્ય સત્યકામ આચાર્ય હારિદ્રુમતની આજ્ઞાથી ૪૦૦ નિબંળ ગાયોમાંથી સહસ્ર ગાયો થયા બાદ જ આચાર્યકુળમાં પ્રવેશતો જોવા મળે છે.

છાંદોગ્ય ઉપનિષદ(૪-૩-૫)ના આધારે એવું કહી શકાય કે શિષ્યોને ક્યારેક ભિક્ષાટન માટે પણ જવું પડતું. શૌનક અને અભિપ્રતારી દ્વારા ભિક્ષાથી વંચિત રખાયેલા શિષ્યના ઉદાહરણને આના સમર્થનમાં ટાંકી શકાય. આ ઉપરાંત પંચાગ્નિસેવા અગ્નિહોત્રસેવા તથા અતિથિસત્કાર જેવાં કર્તવ્યોની જવાબદારી પણ શિષ્યોના શિરે રહેતી. એ જ રીતે દેશભરમાં ઠેર ઠેર યોજાતા યજ્ઞ-સમારંભો અને વિદ્વદ્ગોષ્ઠિઓમાં શિષ્યો પણ ગુરુસેવા અર્થે આચાર્યોની સાથે ઉપસ્થિત રહેતા હોવાની સાબિતી ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે (છાં. ઉપ. ૩-૧-૨, ૩). સરસ્વતી અને સંસ્કૃતિનાં સંરક્ષણ અને સંવર્ધનની દૃષ્ટિએ સ્વાધ્યાય દ્વારા જ્ઞાનપ્રાપ્તિ અને પ્રવચન દ્વારા એનો 'બહુજનસુખાય બહુજનહિતાય' પ્રચાર કરવાની બાબત પર પણ આચાર્યો ભાર મૂકતા જણાય છે. આમ, શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવળેજી કહે છે તેમ, ઉપનિષત્કાલમાં વિદ્યાર્થીઓ ગુરુપરાયણ અને ગુરુ શિષ્યપરાયણ હતા, ગુરુ અને શિષ્ય બંને જ્ઞાનપરાયણ હતા અને જ્ઞાન સેવાપરાયણ હતું.

આવા શીલસંપન્ન અને ધર્મપરાયણ શિષ્યો તત્કાલીન શિક્ષણવ્યવસ્થાના મુકુટમણિરૂપ હતા. એઓ વિત્તાનુરાગી નહિ, પણ વિદ્યાનુરાગી હતા. ઉદા. તરીકે કઠોપનિષદ(૧-૨૩)માં આચાર્ય યમ પાસેથી મેળવેલા ત્રીજા વરદાનના બદલામાં આત્માની મરણોત્તર અવસ્થાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે દૃઢાગ્રહી શિષ્ય નચિકેતા શતાયુષી પુત્રપૌત્રાદિ અગણિત-પશુસંપત્તિ અશ્વમાતંગો સુવર્ણભંડારો સુવિશાલા-વસુંધરા, ઇચ્છામૃત્યુનું વરદાન, અઢળક ધનસંપત્તિ, મર્ત્યલોકની દુર્લભ કામનાઓની



For Private and Personal Use Only

પૂર્તિ, સુંદર વાહનો અને વાજિંત્રોથી સંપન્ન સ્વર્ગસુંદરીઓ, ચિરંજીવિતા અને પૃથ્વીના રાજ્યપદ સુધ્ધાંની લાલચને ઠુકરાવતો નજરે પડે છે. કઠિન વ્રત–તપથી અગ્નિઓને પ્રસન્ન કરી વિદ્યાપ્રાપ્તિ કરતા ઉપકોસલ (છાં. ઉપ. ૪/૧૦/૫), દીક્ષાના દિવસથી જ વર્ષો સુધી ગોસેવામાં જોતરી દેવાયેલ સત્યકામ (છાં. ઉપ. ૪–૪–૧૫), અઢળક લક્ષ્મીને તુચ્છ માની દેવ–પિતૃયાન–વિદ્યાંની ઈચ્છા રાખતો ઉદ્દાલક આરુણિ (બૃ. ઉપ. ૬–૨–૭) અને બ્રહ્મજ્ઞાન માટે શતાધિક વર્ષનું શિષ્યત્વ ધારણ કરતો શિષ્ય ઇંદ્ર (છાં. ઉપ. ૮–૧૧–૩) એ વગેરેનાં ઉદાહરણોમાં તત્કાલીન શિષ્યોની ઉત્કટ વિદ્યા પ્રીતિનાં જ દર્શન થાય છે. [અપૂર્ણ]

---

[અનુસંધાન પા. ૫ થી ચાલુ]

## માંડવીના રાજાઓની વંશાવળી

- દુર્જનસિંહજી
  - ઉમરસિંહજી
    - હમીરસિંહજી
      - વજેસિંહજી
        - જીતસિંહજી
      - પ્રતાપકુંવર
      - વખતસિંહજી

## રાજાના વજીરો(દીવાનો)ની વંશાવળી

- સુખાનંદ
  - વિદ્યાનંદ
    - કરુણાનંદ
      - રામાનંદ
        - વિજયાનંદ
          - આત્માનંદ
            - પરમાનંદ
              - પદ્માનંદ (હાલ હયાત)
  - વિજયાનંદ

(નોંધ–અભ્યાસ માટે આ દસ્તાવેજી પત્રો આપવા બદલ શ્રીપદ્માનંદ વજીરનો ઋણી છું.)

ઠે. આર્ટ્સ કૉલેજ, કિલ્લાપારડી—૩૯૬૧૨૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધરાજની પુત્રી અને એનો પુત્ર

શ્રી હસમુખ વ્યાસ

ગુજરાતના ઇતિહાસમાં સિદ્ધરાજ જયસિંહનો શાસનકાલ 'સુવર્ણયુગ' તરીકે ઓળખાય છે. એના જાહેર જીવન વિશે તો ઘણી બધી માહિતી મળે છે, પરંતુ એના અંગત જીવન વિશે બહુ ઓછી વિગત સાંપડે છે એ હકીકત છે. હા, એને પુત્ર ન હતો એટલી માહિતી અવશ્ય ઉપલબ્ધ છે. પ્રસ્તુત લેખમાં એની (સિદ્ધરાજની) પુત્રી અને એના(પુત્રીના) પુત્ર અંગે માહિતી ચકાસવાનો ઉપક્રમ છે. રાજસ્થાનમાં કહેવાતી ભાટોની ખ્યાતોમાં તો સિદ્ધરાજને સાત પુત્રો હોવાનું વર્ણવાય છે, પરંતુ એ ખોટું છે, કેમકે સિદ્ધરાજના ગુરુ હેમચંદ્રાચાર્યે સ્વયં પોતાના 'દ્વયાશ્રયકાવ્ય'માં "સિદ્ધરાજને પુત્રમુખદર્શનનું સુખ ન મળ્યા"નું લખ્યું છે, એટલું જ નહિ, ચિત્તોડના કિલ્લામાંથી પ્રાપ્ત કુમારપાલના એક શિલાલેખમાંથી સિદ્ધરાજ પુત્રપ્રાપ્તિ માટેની પ્રાર્થના કરવા સોમનાથના દર્શને ગયાની વિગત મળે છે, જે સિદ્ધરાજને પુત્ર ન હોવાનું સિદ્ધ કરે છે. હા, એને એક પુત્રી અવશ્ય હતી.

કોઈ પણ શક્તિશાળી ને સમર્થ રાજાને પોતાના રાજ્યની સીમા વિસ્તારવાની ઇચ્છા રહે એ સહજ છે. સિદ્ધરાજ પણ આમાંથી અપવાદ ન હતો. એ પોતાના રાજ્યની સીમા વિસ્તારવા માટે અવારનવાર અભિયાન કરતો. રાજસ્થાનના અજમેર(સાંભર)નો ચૌહાણ અર્ણોરાજ સિદ્ધરાજનો સમકાલીન અને શક્તિશાળી રાજા હતો. એ ઈ.સ. ૧૧૩૩ ની આસપાસ અજમેરની ગાદીએ બેઠેલો. ઉત્તર તરફથી આવતા તુર્કો–તોમરોના આક્રમણને એણે સફળતાપૂર્વક મારી હટાવેલ. એના 'આના' 'આનાક' 'આનલદેવ' વગેરે નામ પણ રાજસ્થાનમાં પ્રચલિત છે.

આગળ નોંધ્યું તે મુજબ સિદ્ધરાજ એની રાજસીમા વિસ્તારવા અવારનવાર ગુજરાત બહાર અભિયાન કરતો. આમાં એનું પ્રમુખ લક્ષ્ય રાજસ્થાનનાં રાજ્યો ને માળવા તરફ રહેતું. આ જ રીતે અર્ણોરાજ પણ માળવા જીતવા–મળવવા ઇચ્છુક રહેતો. આમ બંને સમર્થ શાસકોનું લક્ષ્ય એક હોઈ લડાઈ થાય એ સ્વાભાવિક જ છે. આવી એક લડાઈમાં એ (અર્ણોરાજ) હારી જતાં સાંભર સિદ્ધરાજના કબજામાં આવી ગયેલું, પરંતુ સિદ્ધરાજ જેમ વીર હતો તેમ દીર્ઘદ્રષ્ટા પણ હતો. અર્ણોરાજ જેવા શક્તિશાળી રાજાને ખંડિયા રાજા તરીકે રાખવા કરતાં એની સાથે મૈત્રીસંબંધ બાંધવામાં એણે ડહાપણ માન્યું; પરિણામસ્વરૂપ એણે(સિદ્ધરાજે) એનું રાજ્ય એને પાછું સોંપ્યું, એટલું જ નહિ, પોતાની પુત્રી કાંચનદેવી પણ એની(અર્ણોરાજની) સાથે પરણાવી. પુત્રી આપવાની ઉદારતા સિદ્ધરાજની દૂરંદેશિતા દર્શાવે છે, તો પુત્રી આપવી પડી એ હકીકત અર્ણોરાજની મહત્તા સૂચવે છે. તત્કાલીન આધારગ્રંથો 'પ્રબંધચિંતામણિ' (શ્લો. ૫૧), 'કીર્તિકૌમુદી'(સર્ગ ૨, શ્લો. ૨૬–૨૮), 'પૃથ્વીરાજવિજય' વગેરેમાં સિદ્ધરાજે પુત્રીનાં લગ્ન અર્ણોરાજ સાથે કર્યાની સ્પષ્ટ નોંધ મળે છે. અલબત્ત, હેમચંદ્રાચાર્યના 'દ્વયાશ્રય' મહાકાવ્યમાં એના (સિદ્ધરાજના) રાજપૂતાના સાથેના વિવાદ–વિગ્રહ વિશે ખાસ કાંઈ વિગત મળતી નથી.

અર્ણોરાજને કાંચનદેવી ઉપરાંત સુધવા નામની એક રાણી હતી કે જે મારવાડના કોઈ સામંતની પુત્રી હતી. અર્ણોરાજને કાંચનદેવીથી સોમેશ્વર નામનો પુત્ર થયેલો, જેને બાળપણથી જ સિદ્ધરાજે પોતાની પાસે રાખી, ઉછેરી મોટો કરેલો. એક અનુમાન–જે ખરું પણ હોઈ શકે—પ્રમાણે સિદ્ધરાજ એને પોતાનો ગાદીવારસ બનાવવા ઇચ્છતો હતો. સિદ્ધરાજને કોઈ પુત્ર ન હોઈ કુમારપાલ ગાદી-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વારેસ બનવા ઈચ્છુક હતો. પણ સિદ્ધરાજે એને દાદ આપેલી નહિ; પરિણામસ્વરૂપ સિદ્ધરાજના જીવન દરમ્યાન કુમારપાલ દેશનિકાલ જેવું જીવન જીવતો હતો, પરંતુ સિદ્ધરાજના મૃત્યુથી એનો રસ્તો સાફ થતાં બધી અડચણો હટાવી અંતતઃ ગુજરાતનો ગાદીપતિ થવામાં કુમારપાલ સફળ થયો.

સિદ્ધરાજના જીવન દરમ્યાન સોલંકી(ચૌલુક્ય)–ચૌહાણ–સંઘર્ષ શાંત પડી ગયેલો, પરંતુ કુમારપાલના રાજા થયા બાદ પુનઃ એ શરૂ થયો. અલબત્ત, આમાં પ્રમુખ ભૂમિકા અર્ણોરાજની હોવાનું ઇતિહાસકારોનું તારણ છે. 'પ્રબંધચિંતામણિ' પ્રમાણે અર્ણોરાજે ગુજરાતના સામંતોમાં ફૂટ પડાવેલી. અર્ણોરાજ કુમારપાલની વિરુદ્ધ હોઈ ગાદી મળતાં કુમારપાલે અર્ણોરાજ પર ચડાઈ કરી. આમાં અર્ણોરાજની હાર થઈ. છેવટે સુલેહ થઈ અને અર્ણોરાજે પોતાની પુત્રી જલ્હણા કુમારપાલને આપી.

સિદ્ધરાજનો દૌહિત્ર સોમેશ્વર, જેને સિદ્ધરાજે બાળપણથી પોતાની પાસે જ પારણામાં રાખી ઉછેરેલ તે, પણ પિતાના જેવો જ પરાક્રમી હતો. એણે કુમારપાલના કોંકણના શત્રુ મલ્લિકાર્જુનને હરાવી કીર્તિ મેળવેલી. કલચુરિની રાજકુમારી સાથે એનાં લગ્ન થયેલ અને આનાથી એને બે પુત્ર—પૃથ્વીરાજ તૃતીય ને હરિરાજ—થયેલ. આ બંનેનો જન્મ પણ ગુજરાતમાં જ થયેલો.

અર્ણોરાજ અજમેરની ગાદી સોમેશ્વરને આપવાના પક્ષમાં હતો, આથી એની બીજી રાણીનો પુત્ર જગદ્દેવ પિતાની હત્યા કરી (ઈ.સ.૧૧૫૨) ગાદીએ બેઠો. એના પછીથી એનો ભાઈ વિશાલદેવ, જે વિગ્રહરાજ(ચતુર્થ) નામથી પ્રખ્યાત છે તે, ગાદીએ બેઠો. આ પછી એનો પુત્ર અપર ગાંગેય, પણ બાળપણમાં એનું મૃત્યુ થતાં પૃથ્વીરાજ દ્વિતીય ગાદીએ આવ્યો. આનું પણ મૃત્યુ થતાં છેવટે અજમેરના વરિષ્ઠ સામંતોએ ગુજરાતમાંથી સોમેશ્વરને બોલાવી અજમેરનું રાજ્ય સોંપ્યું. સોમેશ્વર પિતાના જેવો જ પરાક્રમી ને કળારસિક હતો. એને નગર મંદિર મહેલો બંધાવવામાં રુચિ હતી. વળી એણે એના પિતાની અને સ્વયં પોતાની પ્રતિમાઓ બનાવડાવેલી. એના સમય દરમ્યાનના સિક્કાઓના આધારે એની આર્થિક સમૃદ્ધિ જાણી શકાય છે. પોતે શૈવધર્મી છતાં અન્ય ધર્મો, ખાસ કરીને જૈન ધર્મ, પ્રત્યે સહિષ્ણુ હતો. ઈ.સ. ૧૧૭૭ માં એ મૃત્યુ પામતાં એનો પુત્ર પૃથ્વીરાજ દ્વિતીય અજમેરની ગાદીએ બેઠો.

## સંદર્ભ :


૧. એક માન્યતા અનુસાર અર્ણોરાજ કાંચનદેવી પ્રતિ અયોગ્ય વર્તન કરતો હતો, કેમકે એના પિતા સિદ્ધરાજે એને હરાવેલ કુમારપાલે એ દુર્વ્યવહાર સહી ન શકતાં અર્ણોરાજ ઉપર ચડાઈ કરી હરાવેલો અને અજમેરને બૂરી રીતે લૂંટેલું (જુઓ ભારતીય ઇતિહાસ કા પૂર્વ મધ્યયુગ, પૃ. ૨૦૦, સત્યકેતુ વિદ્યાલંકાર). પરંતુ આ માન્યતા યોગ્ય નથી. બંને વચ્ચેના સંઘર્ષનું કારણ સ્પષ્ટ રીતે અર્ણોરાજ સોમેશ્વરને ગુજરાતની ગાદી મળે એ પક્ષમાં હોવાને જ ગણી શકાય,

૨. ડૉ. ગૌરીશંકર ઓઝા, 'રાજપૂતાને કા ઇતિહાસ'

૩. ડૉ. દશરથ શર્મા, 'ધિ અર્લી ચૌહાણ ડાઇનેસ્ટીઝ'

૪. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, સોલંકીકાલ'

૫. દુર્ગાશંકર શાસ્ત્રી, 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ.'

૬. સત્યકેતુ વિદ્યાલંકાર, 'ભારતીય ઇતિહાસ કા પૂર્વ–મધ્યયુગ


ઠે. હાઇસ્કૂલ, જામકંડોરણા–૩૬૦૪૦૫, જિ. રાજકોટ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુલતાન મહમદ બીજો

(ઈ. સ. ૧૫૨૬)

શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ

ઈમાદુલમુલ્કે સિકંદરનું ખૂન કરી, મર્હૂમ સુલતાન મુઝફ્ફરના રણવાસમાં જઈ, એની એક ઉપાંગનાના છ વર્ષના પુત્ર નાસીરખાનને લઈ આવી, એને 'મહમદશાહ' નામ આપી ગાદીએ બેસાડયો અને પોતે સત્તા હસ્તગત કરી અમીરોને પોતાના પક્ષે લઈ લેવા માટે એણે દરેકને જુદા જુદા ખિતાબો આપ્યા, પણ કોઈને જાગીર આપી નહિ તેથી તેમજ સિકંદરનું ખૂન ઈમાદે કર્યું હતું તેથી કોઈ અમીરો એની નીચે કામ કરવા ખુશી ન હતા. એઓ સહુ પાટણ છોડી ચાલ્યા ગયા.

સરદારો અમીરો સિપાઈઓ અને પ્રજા પોતાની વિરુદ્ધમાં છે એમ જણાતાં ઈમાદુલમુલ્કે ઈલીચપુરના ઈમાદુલમુલ્કને મોટી રકમની લાલચ આપી નંદરબાર અને સુલતાનપુર ઉપર ચઢાઈ કરવા લખ્યું, એટલું જ નહિ, પણ એણે મહારાણા સાંગાને ચિતોડ તથા બાદશાહ બાબરને દિલ્હી લખી પોતાને મદદ કરવા વિનંતી કરી.

આ દરમ્યાન 'મિરાતે સિકંદરી'ના જણાવ્યા પ્રમાણે 'તારીખે બહાદુરશાહી'ના[1] લેખકે વડનગરથી તાજખાનને સંદેશો મોકલી ઈમાદુલમુલ્કે બાબરને બોલાવ્યો છે એ માટે યોગ્ય પ્રબંધ કરવા જણાવ્યું તથા બહાદુરખાનને પણ ગુજરાતમાં તરત જ આવી જવા પત્ર લખ્યો. દરમ્યાન ઈમાદુલમુલ્કના પ્રગટ શત્રુ વજીર ખુદાવંદખાન, ધંધુકાનો જાગીરદાર તાજખાન, નારપાલી અને સિકંદરનો બનેવી સિંધનો શાહજાદો ફત્તેહખાન બલૂચ એ સૌએ મળી સિકંદરના ખૂનનો બદલો લેવા તથા ગુજરાતની ગાદી સ્વાધીન કરવા સમાચાર આપ્યા અને એ સાથે ગુજરાતના સરદારોમાં બહાદુરખાન આવે છે તેને મદદ કરવાની છે એવો પ્રચાર કર્યો.

પિતાથી રિસાઈ બહાદુરખાન અમદાવાદ છોડી ઈડર ગયો, ત્યાંથી ચિતોડ ગયો અને ત્યાં એનો સત્કાર થયો, પરંતુ એક મુસ્લિમ કન્યા ગુલામ તરીકે પકડાઈ ગયેલી તેને એની પાસે મોકલતાં જ્યારે એણે જાણ્યું કે કન્યા મુસ્લિમ છે ત્યારે એણે એને લઈ આવેલા રાજપૂતને મારી નાખ્યો અને ચિતોડથી ભાગી દિલ્હી ગયો.

ઈ.સ. ૧૫૨૬ માં બાબરે ઈબ્રાહીમ લોદી ઉપર ચઢાઈ કરી ત્યારે બહાદુરખાન એની સેવામા હતો. પાણીપતના મેદાનમાં બંને સૈન્યો સામસામાં મળ્યાં ત્યારે બાબરના અફઘાન અને મુઘલ સૈનિકોએ લોદીના સૈન્યને ઘેરી લીધું. ઈબ્રાહીમ લોદી પણ એમાં હતો. એને બચાવવા જવા કોઈની હિમ્મત ચાલી નહિ તેથી બહાર હતા તે લાચાર થઈ જોઈ રહ્યા, પણ બહાદુરખાન એના સાથીઓને લઈ અંદર પ્રવેશ્યો અને તલવાર ચલાવી લોદીને મુક્ત કર્યો. એના અમીરો બહાદુરખાનનું પરાક્રમ જોઈ એની પ્રશંસા કરવા લાગ્યા અને ઈબ્રાહીમ લોદીનાં સ્વભાવ તથા રાજ્ય કરવાની પદ્ધતિથી એઓ નારાજ થયેલા એટલે એને મારીને બહાદુરખાનને ગાદીએ બેસાડવા વિચાર્યું. આ સમાચાર ઈબ્રાહીમ લોદીને મળી જતાં પોતાને હરકત થશે એ બીકે બહાદુરખાન એને કહ્યા વગર મેદાન છોડી ચાલી નીકળ્યો. એણે બાઘપત ગામે રાત્રિરોકાણ કર્યું. ત્યાં એને સ્વપ્નમાં સંત શેખ શરફુદ્દીને કહ્યું કે "જા, ગુજરાતનો બાદશાહ થા." આ સમયે જોનપુરના અમીરો વતી પાયંદખાન આવી મળ્યો અને કહ્યું કે "અમે આપને અમારા સુલતાન તરીકે માનીએ છીએ અને ત્યાં પધારી તખ્ત સંભાળો"

એ સમયે ખુર્રમખાનના પત્રો પણ મળ્યા. સિકંદરના ખૂનના અને ઈમાદુલમુલ્કે સત્તા પચાવી

૧. આ પુસ્તક મળતું નથી. મિરાતે સિકંદરી વારંવાર એનો ઉલ્લેખ કરે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાડી છે એ ખબર પણ મળ્યા. જોનપુર જવું કે ગુજરાત એ પ્રશ્ને બહાદુરખાન વિચારમાં પડ્યો તેથી એણે ઘોડાની લગામ છૂટી મૂકી. ઘોડો જે દિશામાં જાય ત્યાં જવું એમ નિરધાર કર્યો અને ઘોડો ગુજરાતની દિશામાં ચાલવા માંડ્યો તેથી બહાદુરખાન ગુજરાત તરફ આવવા નીકળ્યો.

માર્ગમાં ચિતોડ થઈ માંડુ આવ્યો અને ત્યાંથી એના ભાઈઓ ચાંદખાન અને ઈબ્રાહીમખાન એને આવી મળ્યા. ચાંદખાન તો રાણા સાંગા પાસે રહ્યો, પણ ઈબ્રાહીમખાન એની સાથે થઈ ચાલ્યો. જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ વધારે ને વધારે સરદારો આવીને મળતા ગયા. બહાદુરખાનનું સૈન્ય ગણનાપાત્ર થઈ ગયું અને એ પૂર્ણ વિશ્વાસથી આગળ વધ્યો.

બહાદુરખાન ગુજરાતનો તાજ પહેરવા જાય છે એના સમાચાર ત્યાં રહેતા એના ભાઈ લતીફખાનને મળતાં એણે ધંધુકાથી બહાદુરખાન સામે લડવા જતા તાજખાનને રોકી એને પોતાના પક્ષમાં રહેવા કહ્યું, પણ તાજખાન માન્યો નહિ.

ઈમાદુલમુલ્કને બહાદુરખાન આવી રહ્યો છે એ સમાચાર મળતાં એણે અઝાદઉલમુલ્કને મોડાસાનો થાણદાર બનાવી બહાદુરખાનની કૂચ અટકાવવા સૂચના આપી, પણ બહાદુરખાનની સેના જોઈ એ વગર લડાઈએ પાછો ચાલ્યો આવ્યો. ઈમાદુલમુલ્ક હવે ગભરાયો થયો. એણે રાજાઓ અને સુલતાનોને મોટી રકમની લાલચ આપી પોતાને મદદ કરવા પત્રો લખ્યા. અહમદનગરના સુલતાન બુરહાન નિઝામશાહને એણે નંદરબાર લેવા લખ્યું અને સાથે કિંમતી ઝવેરાત તથા નગદ રકમ મોકલ્યા. બુરહાન નિઝામશાહે એ ભેટ સ્વીકારી લીધી, પણ ઈમાદુલમુલ્કની ઈચ્છા પ્રમાણે કાંઈ કર્યું નહિ. પોલના રાજા ઉદયસિંહને ચાંપાનેર લેવાના અને એક કરોડ ટંકા આપવાના વચન સાથે લખ્યું. છેવટ બાબર બાદશાહને સિંધુમાર્ગે આવી, દીવ ઊતરી મદદ કરવા લખ્યું. આ પત્ર ડુંગરપુરના રાજાના હાથમાં પડી જતાં એણે બહાદુરખાનને આપ્યો. આમ એને કોઈએ કોઈ પણ પ્રકારની સહાય કરી નહિ, એટલું તો નહિ, પણ એણે જે અમીરોને સોગન આપી પોતાને મદદ કરવા સાથે રાખેલા, જેમને જર ઝવેરાત અને ધન આપેલું તે પણ ફરી ગયા અને બહાદુરખાનને જઈ મળ્યા.

મોડાસામાં તાજખાને બહાદુરને શાહી નિશાનો આપ્યાં. બહાદુરખાન ત્યાંથી હરસોલ અને સિંગાર ગામ થઈ ગુજરાત–પાટણ આવ્યો અને મુઝફ્ફર ૧ લાની દરગાહમાં ફાતિઓ પઢી તા. ૬ ઠ્ઠી જુલાઈ, ૧૫૨૬ ના રોજ સુલતાન તરીકે સલ્તનતનો તાજ પહેરે છે એવી જાહેરાત કરી તથા વળતે દિવસે ત્યાંથી એણે શાહી દબદબાથી અમદાવાદ જવા પ્રયાણ કર્યું. એણે કાળુપુર દરવાજેથી પ્રવેશ કરી, એના પૂર્વજ અહમદશાહ સુલતાનની કબર ઉપર ફાતિઓ પઢી, ભદ્રમાં આવીને શાહી મહેલમાં નિવાસ કર્યો.

એ પછી તા. ૧૧ મી જુલાઈએ હિ.સ. ૯૩૨ ની ઈદુલફિત્ર હતી તે દિવસે શૃંગારમંડપમાં દરબાર ભરી, અમીરોને ખિતાબો આપી શાહી ગજસેના અશ્વસેના અને પાયદળ સાથે ઈદની નમાજ અદા કરવા ઈદગાહ ઉપર ગયો અને ત્યાં ખુત્બો એના નામનો વંચાયો.

આ સમય દરમ્યાન નાસીરખાન ઉર્ફે મહમૂદ બીજાને લઈ ઈમાદુલમુલ્ક ચાંપાનેરમાં ભરાઈ બેઠો હતો. એણે બહાદરશાહના ભાઈ લતીફખાનને બોલાવી સુલતાન બનાવી દેવાનો પ્રસ્તાવ કર્યો. ઈમાદુલમુલ્કને એણે કાંઈ ઉત્તર આપ્યો નહિ એટલે એ હાલોલ ચાલ્યો ગયો. બહાદુરશાહ દડોદડ કૂચ કરતો મહેમદાવાદ અને નડિયાદ થઈ, ભારે વરસાદ હોવા છતાં, હાલોલ પહોંચ્યો. ઈમાદુલમુલ્કના ટેકેદારો એને આવી મળ્યા અને શરણે થયા. તા. ૨૧ મી જુલાઈએ એણે ઈમાદુલમુલ્કના ઘર ફરતો ઘેરો ઘાલ્યો ત્યારે ખ્વાજા માનક અને યુસફે કહ્યું કે "રાહ જોવા કરતાં નાસી જવું તમારે માટે

[અનુસંધાન પા. ૧૪ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શિકારપુર ટીંબો

ડૉ. પુલિન વસા

કચ્છનો સાંસ્કૃતિક ઈતિહાસ આજથી ૪૫૦૦ વર્ષ જૂનો છે. ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાં કચ્છમાં સુવ્યવસ્થિત હડપ્પાકાલીન વસવાટ હતા.

હડપ્પાકાલની ૧૦૦ જેટલી વસાહતોમાંથી સૂરકોટડા ધોળાવીરા તથા દેશલપુરનું ઉત્ખનન કરવામાં આવ્યું છે. એમાં શિકારપુર એ એક મહત્ત્વની અને મોટી વસાહત માલૂમ પડી આવી છે.

કચ્છના પૂર્વકિનારે આવેલ આ ટીંબો સામખિયાળીથી ૧૯ કિ.મી. દૂર આવેલો છે અને ૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો છે. જમીનથી લગભગ ૨૦ ફૂટ ઊંચા આ ટીંબામાં સિંધુસંસ્કૃતિની વસાહતના અવશેષોનો ખજાનો ભરેલો પડેલો છે.

છેલ્લાં ત્રણ વર્ષથી આ ટીંબાનું પ્રાયોગિક ધોરણે ઉત્ખનન કરવામાં આવ્યું છે. આ વર્ષે પણ પુરાતત્ત્વ–નિયામક શ્રી મુકુંદભાઈ રાવળની રાહબરી હેઠળ સુરત સર્કલના શ્રી એન. ડી. વર્મા આ ઉત્ખનનની કામગીરી કરી રહ્યા છે. વડોદરા યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના માજી વડા, ગુજરાતના ખ્યાતનામ પુરાતત્ત્વવિદ્ શ્રી એસ. એન. ચૌધરી સ્થાનિક કેમ્પ કરી આ ઉત્ખનનના સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે.

ઉત્ખનન દરમ્યાન શોધી કાઢવામાં આવેલી વસ્તુઓ આ ટીંબો હડપ્પાકાલીન હોવાનું અને અહીં લાંબો સમય વસવાટ થયો હોવાનું તેમજ આ વસાહતના એ સમયની મેસોપોટેનિયા(મધ્યપૂર્વ)-ની વસાહતો સાથે વેપારી સંબંધો હોવાનું દર્શાવે છે. અહીંના લોકો કલાકાર ધર્મિષ્ઠ સુઘડ તથા શોખીન હોવાના પુરાવા મળી આવ્યા છે

અહીંથી મોટા પ્રમાણમાં સુંદર અને જુદી જુદી જાતનાં માટીનાં વાસણ અથવા એના ટુકડા મળી આવ્યા છે, જેમાં ૧ ચિત્રકામવાળાં લાલરંગનાં વાસણ, ૨ ખૂબ સુંદર રીતે પોલિશ કરેલાં વાસણો, ૩ કાણાં–કાણાંવાળાં વાસણ (પર્ફોરેટેડ પૉટરી), ૪ પોલિશ કરેલાં વાસણ, ૫ સ્લિપ પોટરી અને ૬ ખરબચડાં તેમજ ડિઝાઇનવાળાં વાસણ મુખ્ય છે. અહીંથી મેસોપોટેનિયાની યુફ્રેતિસ તથા તાઇગ્રીસ નદીઓને કાંઠે વસવાટ કરતા સમકાલીન લોકોએ બનાવેલ વાસણોનું મળી આવવું પરદેશ સાથેના વેપારી સંબંધોને પુરવાર કરી આપે છે. અહીંના લોકો ખૂબ જ સૌંદર્યપ્રિય હોવા જોઇએ. એમનાં આભૂષણોમાં વપરાતા જુદી જુદી જાતના પુષ્કળ મણકા અહીંથી મળી આવ્યા છે. આ મણકા અકીક કાર્નેલિયમ અને સ્ટીએટાઈટ પેસ્ટમાંથી બનેલા છે. સૂક્ષ્મ કદના (૧ મી.મી.થી નાના) મણકાઓથી માંડીને ૧ સે. મી. જેટલા મોટા મણકા તેમજ લાલ અને સફેદ ચપટા મણકા (ડિસ્ક બીડ) મળી આવ્યા છે. અહીં મણકા બનાવવાનો ઉદ્યોગ હોવો જોઇએ, કારણ કે મણકાઓમાં કાણાં પાડવામાં વપરાતી જુદી જુદી કદની શારડીના ટુકડા મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. વળી આ મણકા ખૂબ ઉત્કૃષ્ટ કલાકારોએ બનાવ્યા હશે અને તેથી એઓ ખૂબ સુંદર સિમેટ્રિકલ અને વચ્ચે કાણું પાડેલા છે. પકવેલી માટીની ચિતરામણ કરેલી બંગડીઓ તેમજ શંખ—છીપલાંની બંગડીઓ પણ મળી છે.

પકવેલી માટીની વીસેક જેટલી રમકડાં–ગાડીઓ તેમજ આભલાં મળી આવ્યાં છે આ રમકડાં–ગાડીઓ હડપ્પા-સંસ્કૃતિની ખાસિયત ગણાય છે. ત્રિકોણ–આકારની પકવેલી માટીની જુદા જુદા કદની ટુકડીઓ (કેક્સ) મોટી સંખ્યામાં નીકળી છે. એની સંખ્યા એટલી મોટી છે કે જરૂર એ રોજ–



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રયોજના વપરાશમાં આવતી હશે; જોકે પુરાતત્ત્વવિદોમાં આના ઉપયોગ બાબત કશું નક્કી થઈ શક્યું નથી. અકીકમાંથી બનાવેલો સુંદર વજનનો તોલો પણ મળેલ છે.

અહીંનો વસવાટ દરિયાકિનારા નજીક હતો અને એ સમયના લોકો માછીમારી કરતા એના પુરાવારૂપ માછલાં પકડવાના ગલ મળી આવ્યા છે. માછલીનાં નાનાં મોટાં હાડકાં તથા કરચલાના શરીરના ભાગ મળી આવ્યાં છે.

એ સમયના લોકો ખેતી કરતા અને બાજરી જુવાર ચોખા ઉગાડતા. ઉત્ખનન દરમ્યાન ચોખાના દાણા તથા જુવાર બાજરી મળી આવ્યાં છે. સ્વસ્તિકના ચિહ્નવાળું લોકેટ (સીલ) પણ મળી આવ્યું છે, જે આપણા પવિત્ર સ્વસ્તિકની ઉત્પત્તિને ૫૦૦૦ વર્ષ વહેલી દૂર ખેંચી જાય છે. ભગવાન શંકર તથા સ્વસ્તિક વેદોથી પણ ઘણા સમય પહેલાંના લોકોની કલ્પના હતા એ પણ પુરવાર થાય છે. ટીંબાની પશ્ચિમ દિશાએ રાખના ઢગલા પડયા છે, જેના વિશે પુરાતત્ત્વવિદો એ ધાતુ ગાળવાની ભઠ્ઠીનો ભાગ હોય એમ માને છે. અહીં ઘોરવાડો અથવા મડદાં દાટવાની જગ્યાઓ હોવાનું પણ અનુમાન છે, કારણ કે મડદાં દાટતી વખતે સાથે રાખવામાં આવતાં વાસણ ત્યાંથી મળી આવ્યાં છે. આમ દરિયાકિનારે વસવાટ કરતા, ડાંગર બાજરી જુવારની ખેતી કરતા, માછલી પકડતા, ખૂબ સુંદર આભૂષણ બનાવતા, માટીનાં વાસણ બનાવતા અને પરદેશ સાથે વેપાર કરતા આ પ્રાચીન લોકો વિશેની ઘણી વધુ માહિતીઓ શિકારપુરમાં દટાયેલી પડી છે.

**એનો અંત ?** એનો અંત લગભગ ભયંકર આગથી આવ્યો હોવો જોઈએ, કારણ કે ટીંબાને ખોદતાં રાખનું એક મોટું પડ મળી આવ્યું છે. લોથલ અને હડપ્પાથી શિકારપુરના અવશેષ સહેજ જુદા છે. લોથલ અને હડપ્પા શહેરી વસવાટો હતાં, ત્યાં ખૂબ સુંદર નગરરચના હતી તેમજ ત્યાંનાં મકાન પકવેલી ઈંટોનાં બનાવેલાં હતાં, જ્યારે આપણું શિકાપુર ગામડું હશે અહીંનાં મકાન કાચી માટીની ઈંટોનાં અથવા પથ્થરના ટુકડાઓથી બાંધેલાં છે. આ આખા ટીંબાનું ઉત્ખનન કરવાનો એક પ્લાન સરકાર સમક્ષ મૂકવામાં આવ્યો છે. કોમ્પ્યુટર તથા આધુનિક પુરાતત્ત્વની ટેકનોલોજીનો ઉપયોગ કરી એક છેડેથી બીજા છેડે સુધી મોટા પાયે ઉત્ખનન કરવાની યોજના છે. અત્યાર સુધી આ યોજનાનો કાંઈ પ્રતિભાવ આવ્યો નથી. હાલમાં તો શ્રી વર્મા અને એમના સાથીદારો, કોઈ સર્જન અતિશય સંભાળપૂર્વક પેટનું ઓપરેશન કરતો હોય તેટલી જ સંભાળ અને ઋજુતાથી, ધરતીનું ઓપરેશન કરી એમાંથી ઝીણી માહિતી મેળવવા મથી રહ્યા છે.

ઠે. નગરસભાની બાજુમાં, માંડવી–૩૭૦૪૬૫ (કચ્છી)

---

[અનુસંધાન પા. ૧૨ નીચેથી]

હિતાવહ છે" ત્યારે ઈમાદે જવાબ આપ્યો કે "હું કેમ કરીને નાસું ? મારે ફરતી અને માથા ઉપર નાગી તલવારો તોળાઈ રહી છે." એણે એમ પણ કહ્યું હોવાનું કહેવાય છે કે "મેં ખોટું કર્યું છે ! જો મેં સિકંદરનું ખૂન ન કર્યું હોત તો બહાદુરશાહ સુલતાન થી ડો થઈ શકયો હોત !"

જ્યારે તાજખાને ઘેરો ઘાલ્યો ત્યારે માત્ર છ વર્ષની વય ચાર માસ કહેવાતું રાજ્ય ભોગવી નાસીરખાના મરાઈ ગયો, પણ એનું નામ જૂનાગઢ જિલ્લાના ગામ ઊનાના તળાવના શિલાલેખમાં લખાયું છે. આ શિલાલેખ શ્રાવણ સુદ ૮, વિ.સં. ૧૫૮૨ નો એટલે ઈ.સ. ૧૫૨૬ ની જુલાઈની ૧૭ મી તારીખનો છે તેમાં જણાવ્યા પ્રમાણે સુલતાન મહમદના સમયમાં સોરઠના મંત્રી કાયસ્થ મતાના પુત્ર પતાની ત્રણ પત્નીઓ લાલોમા દાઈ અને હરિબાઈએ આ તળાવનો પુનરુદ્ધાર કર્યો છે.

ઠે. 'ઓજસ', ટાઉનહૉલ સામે, સરદારચોક, જૂનાગઢ–૩૬૨૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરિજન કોઈ એક કોમ નથી

શ્રી. રોહિણી પૃથ્વીરાજ

'હરિજન' એટલે એક કોમ એવી સમજ મારા મન પર છવાયેલી રહી હતી. 'હરિજન' નામકરણ મહાત્મા ગાંધીએ કર્યું હતું. એમો છાપું કાઢતા તેનુંય નામ 'હરિજન' રાખ્યું હતું. એમણે પ્રેરેલી સેવા–સંસ્થાનું નામ પણ 'હરિજન સેવક સંઘ' પડયું હતું.

જેને અડવાથી બીજા વર્ણના અભડાતા તેવા બધાની ઓળખ 'હરિજન' બની ગઈ. એ ઉત્તરોત્તર ઘૂંટાતી ગઈ એમાં એ સૌની ઓળખાણનાં મૂળ ઢંકાતાં ગયાં. હવે તો વળી સંશોધન કરવાવાળા એમાં લાગશે ત્યારે એનાં મૂળ પાધરાં થશે, પણ ત્યારે એનાં મૂલ્ય પણ 'એક અભ્યાસ' 'એક સંશોધન'નાં જ હાથ આવશે. ત્યારે એટલું મોડું થયુ હશે કે એનો બીજો કશો ખપ રહ્યો નહિ હોય.

કચ્છ સિવાયના ભારતની તો મને ખબર નથી, પણ કચ્છમાં 'હરિજન'ની ઓળખ પામેલા બધા એક કોમના નથી એવું મારા જાણવામાં આવ્યું છે વળી, એ કોમો પૈકી કોઈ એક કોમને બીજી કોમ સાથે બેટી-વહેવાર તો નથી જ, બલ્કે પ્રસંગોપાતના નાત–જમણમાં રોટીનાય વહેવાર એમને નથી.

સવર્ણોથી છૂતાછૂતનો પ્રશ્ન પણ આ કોમોને એક-સરખો લાગુ પડતો નથી. અમુકને તો એ નામ માત્રનો છે અને અમુકને તો ભાવ નથી, આમ છતાં એ કોમો પણ આ 'હરિજન'ની ઓળખમાં આવી ગઈ છે; જેમકે કચ્છની 'ગરવા' કોમ. ગરવા વ્યવસાયે ઘણાખરા દરજી છે અથવા વણકર. માધાપર જેવા પાટીદારોની મુખ્ય વસ્તીના ગામમાં ગરવા દરજીઓની પંદર-વીસ દુકાન છે અને એ બધી જાહેરમાર્ગો પર આવેલી છે તથા પાટીદાર પટેલોના ઘરની બેઠકામાં ચાલે છે. આ દુકાનો પર સૌનો વહેવાર હાથોહાથનો છે.

બીજી એક કોમ 'ચારણિયા'ની છે. એ મૂળેથી ચારણ–ગઢવીઓ સાથે સંકળાયેલી છે. ગઢવી મોટેરાઓને એવું કહેતા સાંભળ્યા છે કે વીતેલા વખતમાં તો "સાથે બેસીને જમતા" અને બટકયે સટકયે એક ભાણે બેસીને પણ જમી લેવાતું. લાપસી કે ખીચડીમાં વચ્ચોવચ્ચ લીટો તાણી બે ભાગ જુદા દર્શાવી દેવાતા. 'ચારણિયા' એ ગઢવીઓના 'ચાકર.' ચાકરનો અર્થ 'ચાકર' થતો. 'ચાકર' એટલે કહ્યાગરુ–'આજ્ઞાંકિત.' ગઢવીઓના હોકા પણ એઓ ભરી આપતા હોકાની વાતના જાણકાર જાણી શકે છે કે હોકા ભરી આપનારને હોકાના દમ ભરી એને સપ્રમાણ પીવા લાયક કરી આપવાના હોય છે.

ગરવા કચ્છી બોલે છે, જ્યારે ચારણિયા ચારણી બોલી બોલનારા છે.

ત્રીજા એકનું દર્શન થાય છે તે તો સર્વાંશે સવિશેષ છે. એ છે 'મહેશ્વરી' કોમ. મહેશ્વરી કોમના સંસ્થાપક માતંગદેવ હતા. કચ્છના રાજવીને રાજ્યાભિષેકનું તિલક છેવટ સુધી માતંગ જ કરતા રહ્યા હતા. આ બધું જોતાં ને જાણતાં એ પ્રશ્ન સચોટ બને છે કે તો આ બધી કોમો 'હરિજનની ઓળખમાં કેવી રીતે સમાઈ. આજે પણ એમની ધર્મસભાઓ તેમ ધર્માચારના અવસરોએ એમનો પોશાક રજવાડી વેશભૂષાનો હોય છે.

એક અંતરસ્થ થયેલી કર્ણોપકર્ણની ઈતિહાસકથા કે જેની પ્રસ્તાવના શ્રી. કે. કા. શાસ્ત્રીજીએ લખી છે તેમાં નોંધાયેલી મુખ્ય મુખ્ય વાતો ટૂંકમાં એવી વાંચવામાં આવી છે કે 'મહેશ્વરી'ની ઓળખ ધરાવતી કોમ મહેશપંથી છે. એના સંસ્થાપક માતંગદેવ ભગવાન શંકરનો અવતાર કહેવાતા હતા. માતંગદેવનો જન્મ સિંધના સમૈ નગરમાં માતૃઋષિ અને એમનાં પત્ની જશદેવીથી અલૌકિક યોગે થયો કહેવાય છે. એમનાં લગ્ન ગોહિલવાડના રાજા પૂનસિંહ ગોહિલનાં મોટાં પુત્રી શેખાંદે સાથે થયાં હતાં. એમના પુત્રનું નામ લૂણંગદેવ હતું. એમના ત્રીજી પેઢીએ 'મામૈ પંડિત' અવતર્યા હતા. લૂણંગદેવ કોટડી મહાદેવપુરીના



For Private and Personal Use Only

થાવરનાં દેવાંશી પુત્રી પૂનરખી સાથે દૈવી સંજોગે લગ્નગ્રંથિથી જોડાયા હતા.

આજે પણ મહેશ્વરીઓના પીરની પાઘડી આ ગામે જ બંધાય છે. યોગાનુયોગે એમના વર્તમાન પીર ગામ કોટડીના જ વતની છે. ગામ કોટડી 'કોટડી મહાદેવપુરી'ના નામે ઓળખાય છે. અહીંના શંકર-મંદિરને 'કોટેશ્વર' કહે છે. એના પરચાની અનેક કહાણીઓ પ્રચલિત છે. આ ગામે મહેશપંથીઓની વસાહત કોટેશ્વરની બાજુમાં જ આવેલી છે.

લૂણંગદેવના પુત્ર માતૈદેવ, રાજા ચાંદ સોઢાને એના પૂર્વભવનું સ્મરણ કરાવી, એની કુંવરી વીણાદેવીને વર્યા હોવાનું કહેવાય છે. માતૈદેવના પુત્ર મામૈદેવ જામ અબડાની પુત્રી ભૂરીદેવીને પરણ્યા હતા. માતંગદેવના વંશજ અને એના અનુયાયી મહેશપંથીઓ આજે પણ એમના પંથની આસ્થા-નિષ્ઠાના શ્રેષ્ઠ આચારનું જીવન જીવે છે. એમના સમાજમાં એનાં મૂલ્ય પળાતાં રહ્યાં છે.

આ મહેશ્વરી-સમાજમાં માઘ મહિનાનો ઘણો મહિમા પ્રવર્તે છે. આ માસમાં 'માઘસ્નાન'નું વ્રત રખાય છે. 'માઘસ્નાન'નું વ્રત જમાનાઓથી પ્રચલિત છે. વાંચવા મળે છે તે પ્રમાણે આર્યાવર્તમાં ઋગ્વેદ-કાલથી એનું આચરણ થાય છે. માઘસ્નાનનું વ્રત રાખનારા પરોઢિયે સમૂહમાં સ્નાન અર્થે નીકળે છે અને સ્નાન કરતી વેળાએ એકમેક પર ઠંડા પાણીના ઘડા ઢાળવે છે. સ્નાન પછી દેવપૂજન કરે છે. માઘસ્નાનનું વ્રત રાખનારા ઉઘાડે પગે રહે છે, ચુસ્તપણે સંયમ પાળે છે, પહેરવા-ઓઢવામાં પણ વ્રતને અનુરૂપ રહે છે, ધરતી પર સૂએ છે.

કચ્છમાં આરો આ સમાજ કચ્છની અન્ય ઘણી કોમો કરતાં વિચારે અને આચારે ઊંચી ભૂમિકાની રહેણી-કરણી સાચવતો જોવા મળે છે.

આપણા મનમાં ઊંડેથી એમને માટે સ્વયં આદર રહે છે. આવા આ સમાજને પણ અન્યસમ હરિજનની ઓળખમાં આપણે ઠેલી દીધો છે. કરવાનું તો એ થાય છે કે આ સમાજની સાચી ઓળખ ઉપસાવવામાં આવે અને એના મહિમા અને આદરને જગાવવામાં આવે.

હરિજનની ઓળખ પામેલી કચ્છની અન્ય જાતિઓમાં એક 'મારવાડા' જાતિ છે અને બીજી એક 'ગુર્જરા' જાતિ છે. આ બધી જાતિઓનાં સામાજિક રીત-રિવાજ અને વ્રત-તહેવાર તેમજ દેવી-દેવાદિ અને પૂજાપાઠ પોતપોતાનાં નોખાં-અનોખા છે. આ જાતિઓ કોઈ એક જાતિની પેટાજાતિઓ પણ નથી. આ બધા સમાજ 'હરિજન'ના ઓળખ પામીને અને એ ઓળખમાં દાયકાઓથી રહીને વાસ્તવમાં તલભાર પણ એકતા પામ્યા નથી તથા સમાજે અને રાજ્યે એમને જેવા ઠરાવી રાખ્યા છે તેવા ને તેવા એ પોતાને માની બેઠા છે.

કોઈ એક સમાજનો ભૂતકાળ ઘણો ચડતી પામેલો પણ હોય છે. એવા એક વંશના પોતે વંશજ છે અને પોતાના પૂર્વજો સંસ્કારસંપન્ન હતા એનો સતત યાદ યત્કિંચિતપણે પ્રેરણાદાયી રહે છે અને આજની દશા એ પોતાના પૂર્વજોના વારસો નથી એ હકીકત એવા સમાજને ઊંચે ઊઠવાના સંકલ્પ અને પુરુષાર્થને પ્રેરી શકે છે. આ બધા 'હરિજન'ની ઓળખમાં સમાયાથી એમને કોઈ સામાજિક ઉત્થાનનો માર્ગ કે મોકો થયો નથી.

મારા વિચારે આ જાતિઓએ 'હરિજન' ઓળખનો તુરતા તુરત ત્યાગ કરવા પરત્વે વિચાર કરી લેવો જરૂરી થાય છે. કોઈ કરતાં કોઈ સંદર્ભમાં 'હરિજન'ના ઓળખમાં ચાલુ રહેવું કોઈ અર્થનું નથી. એમણે પોતાના પરંપરાગત ઓળખ અને અટક ધારણ કરી રાખવી જોઈએ અને અનુવંશનો વિચાર કરીને લોહીના સંબંધો માટે સભાન થવું જોઈએ. આની શરૂઆત એઓ મતદારોની યાદીઓ તેમ રેશન-કાર્ડ અને શાળા-મહાશાળામાં નામનોંધણી દ્વારા તરત કરી શકે. પોતપોતાના સમાજમાં આ



For Private and Personal Use Only

સંજોગ પર ચર્ચાઓ યોજીને સાર્થક વિચાર કરે અને નિર્ણય કરે એ સૌના હિતનું થશે. જો આવું નહિ થાય તો આ 'હરિજન' ઓળખ એમને માટે એક વળગણ થઈ રહેશે.

સ્થળાંતરના સંજોગે નિર્વાસિત થયેલ કોઈ એક જાતિ જ્યારે છેક જ લાચારીની દશામાં આવી પડે છે ત્યારે એ કોઈ એકાદા બળૂકા સમાજની આશ્રિત બને છે, આશ્રય આપનારનું એ દાસત્વ સ્વીકારે છે અને દાસત્વની શરતોનો અંગીકાર કરે છે. એને એવાં કામ સોંપાય છે કે જે કામથી અન્ય સૌ છેટાં–આઘાં થતાં હોય. એવાં કામ ન-છૂટકે પેટને ખાતર એમણે સ્વીકાર્યાં હશે તેથી એઓ 'અંત્યજ' ગણાતા થયા હશે અને પરંપરાએ પછી એમને બાકીનાઓથી જુદા પાડી દીધા હશે. એ જ આભડછેટ અને એ જ છૂતાછૂતના સંજોગમાં પરિણમ્યું હશે. આ સંજોગ એમને સદી ગયેલાં વર્તાય છે. એ સદી જવાનાં વિશેષ કારણ તર્કમાં તો આવે છે.

આભડછેટ અને છૂતાછૂતે એમનું રક્ષણ પણ કર્યું છે. આભડછેટ એમને માટે રક્ષણનું કવચ અથવા 'લક્ષ્મણરેખા' પણ બની રહી છે, એમના સ્ત્રીવર્ગના જન્મારાની અણીશુદ્ધ મર્યાદા તેથી સચવાઈ છે.

જ્યાં એમનો વસવાટ હોય ત્યાં બીજી અવરજવરનો આપોઆપ નિષેધ રહે છે. ત્યાં આવવું જવું અને બેસવું ઊઠવું તો દૂરની વાત રહે એ સમજાય એવું છે. જાતીય સંબંધોનું લપસાણ આમ પણ વગોવાય છે ત્યારે અછૂત સાથેના એવા જોગ તો ભવાટવીયો ટાળી નાખનારા થાય અને એનો ભોગ બનનાર તો અછૂતનોય અછૂત બની જાય, આવી ધાસ્તીએ એમનું અદ્ભુત રક્ષણ પણ કર્યું છે.

આવા એમના સંજોગની બીજી સારી ફલશ્રુતિ એવી નીપજી છે કે એનાથી એઓ વધુમાં વધુ એકાંગી અને નિજાનંદી થતા ગયા. એમનો ભક્તિભાવ તેથી વિકસતો રહ્યો છે અને એમના જીવનમાં ઊંડાણે ભજનના બોધ ઓગળતા રહ્યા ઊર્મિઓ સાથે એકરસ બનીને એમનાં જિવતરને ભાવિત કરતા રહ્યા છે.

સદી ગયેલા આ સંજોગમાંથી મુક્તિ અપાવવાનો વિચાર સમાજે કરવાનો છે. પુનર્વસવાટ તો ઠીક છે, એમાં સામાજિક સુધારા (સોશિયલ રિફૉર્મ્સ) જ ખૂટતાં રહ્યાં છે.

ઠે. નવી સોસાયટી, કોટકનગર, 'રાધે રાધે', માધાપર–૩૭૦૦૨૦ (કચ્છ)

---

[અનુસંધાન પા. ૧૮ નીચેથી]

દશનામી સંપ્રદાયના સાધુ–સંતો–મહંતો અને મઠધારીઓ અહીં જમાત લઈને ઘણો સમય શ્રાવણ મહિનામાં રહેતા હતા. વારયાળવાડામાં પણ શ્રી શંકરાચાર્યનો મઠ જોવા મળે છે.

સમયની રફતાર પછી શ્રીલાખેશ્વર મહાદેવનું આ નવીન મંદિર હાલનું બન્યું છે.

લાખુખાડ આગળ જૂનો પારસ પીપળો છે તેનાં પાંદડાંઓમાંથી એક વખતે દૂધ ટપકતું હતું, જેનામાંથી કહેવાય છે કે શ્રી શંકરાચાર્યજીએ અનેક ગુણ દર્શાવીને વૃક્ષનો મહિમા વધારેલો. જૂની કૂઈ પણ ખમારના ઘર આગળ હતી...નવા પાટણની રચના પછી અહીં બ્રહ્મક્ષત્રિય કોમ કાપડરંગાટ કામ કરતી અને ગળીના મોટા માટ હતા. અહીં ગળિયારાનો લીમડો પણ મોજૂદ છે.

ખરાદીવાડાના મિસ્ત્રી સુથારો શ્રી લાખેશ્વર મહાદેવને પોતાના ઈષ્ટ દેવ તરીકે માને છે અને આ મંદિરના પુનર્વિકાસમાં પાટણના જાણીતા અને ગુજરાતમાં બાંધકામમાં નામના મેળવેલ શ્રી કૃષ્ણલાલ મોહનલાલ મિસ્ત્રી પોતાના સાથીદારો સાથે દાદાની સેવા કરે છે અને જીર્ણોદ્ધાર કરી રહ્યા છે.

ઠે. વી. પી. હાઈસ્કૂલ, મુ. વીરનગર, જિ. રાજકોટ–૩૬૦૦૬૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીલાખેશ્વર મહાદેવ

[મુ. પાટણ]

શ્રી મનસુખ એમ. સ્વામી

"પાટણ નગરી મધ્યાને શોભતા શ્રીલાખેશ્વર મહાદેવ,
મનોકામના સિદ્ધ થાતી, શ્રીશંકરાચાર્યે સ્થાપ્યા મહાદેવ."

ભારતીય સંસ્કૃતિની જ્યોત આર્યોના વખતથી દેદીપ્યમાન રીતે વિશ્વમાં પ્રકાશિત થઈ રહી છે અને એમાંય ગુજરાતમાં જ્યારે ચીનના યાત્રાળુ હ્યુએનસંગે પોતે નજરે જોયું ત્યારે તો ખુશ થઈ ગયેલો...વલભી વિદ્યાપીઠ તેમજ હિંદુસંસ્કૃતિની જ્યોતથી એ અંજાઈ ગયેલો અને એણે પોતાની નોંધપોથીમાં ટાંકેલું છે કે "ગુજરાત એ હિંદુધર્મની જ્યોત–સમાન છે અને મુસ્લિમધર્મની અહીં મનાઈ ફરમાવી છે. ઈ. સ. ૬૩૪."

રાજા હર્ષવર્ધન હિંદુ રાજવી પછી આપણા ગુજરાતમાં મુસ્લિમસત્તા તેમજ જૈન ધર્મની હૂંસાતૂંસી વધી, હિંદુધર્મની પડતી થવા લાગી કયારેક કયારેક ધર્મની જૂથબંધીઓને લીધે મોટા સંઘર્ષ પણ થવા લાગ્યા.

ઋગ્વેદમાં સ્પષ્ટ લખેલું છે કે "સમાનો મન્ત્રઃ, સમિતિઃ સમાની, સમાનં મનઃ સહ ચિત્તમેષામ્ ।—મંત્રઃ જ મંત્રો એટલે કે વિચારો સરખા છે, સમિતિ સમાન છે, મન સમાન છે અને ચિત્ત કહેતાં બુદ્ધિ પણ સમાન છે."

ટૂંકમાં, એ સમયે સૌ માનવીઓ ભાઈચારાની દૃષ્ટિએ ધર્મની ખોટી ચર્ચાઓમાં ઊતરવા કરતાં એના પાયા તરફ સમાન બુદ્ધિથી જોતા હતા. તર્ક કરવાથી ધર્મનો નાશ થાય છે...આપણાં વેદ–પુરાણ કહે તે સાચું માનતા...એમ છતાં હિંદુધર્મમાં મતમતાંતરો થવાથી એના જુદા જુદા પક્ષ થયા અને સંગઠન નબળું પડયું.

હાલનું પાટણ તો નવું છે, જે (ઈ. સ. ૧૫૦૦ પછી) પાંચસો વરસની આસપાસ મુસ્લિમ–શાસન દરમ્યાન બંધાયું છે, પરંતુ હાલના ત્રણ દરવાજાની પાશ્ચમે હતું તે જૂનું પાટણ વનરાજ ચાવડાએ વિ. સં. ૮૦૨ ની સાલમાં વૈશાખ સુદિ બીજ ને સોમવારે પોતાના મિત્ર અણહિલ્લ ભરવાડની યાદમાં "અણહિલ્લપત્તન" તરીકે બાંધેલું, જે હાલ "અનાવાડા"ના અપભ્રંશ નામે જાણીતું છે, જેનો શિલાલેખ ગણપતિની પોળના મંદિરે જોવા મળે છે.

આ પહેલાં ગુજરાતમાં મૈત્રિક રાજવીઓ રાજ્ય કરતા હતા અને અહીં જૂનું નગર "લાક્ષારામ" નામે હતું, જેમાં જૈન શાસનકર્તાઓ વહીવટ કરતા હતા...રાજ્યાશ્રય મળતાં આ વખતમાં જૈન ધર્મનાં અનેક દેરાસરો આ વિસ્તારમાં હતાં. પંચાસરના રાજવી રાજા જયશિખરીને કલ્યાણના નાગભટે મારી પોતાનું શાસન જમાવ્યું ત્યારે નાનકડા વનરાજ ચાવડાનું પાલન–પોષણ જૈન મુનિ દ્વારા થયેલું, પાછળથી વનરાજે જ્યારે નવું નગર અણહિલ્લપત્તન વસાવ્યું ત્યારે જૈનધર્મને મહત્ત્વ મળ્યું.

એ સમયે પાટણના "લાક્ષારામ"ની બાજુમાં આવેલ અગ્રહાર (હાલનું અઘાર ગામ) ગામ રાજવીઓએ વિદ્યાર્થીઓ માટે અર્પણ કરેલું. સરસ્વતી નદીનું વહેણ એ સમયે હાલના અઘાર ગામ આગળથી ઝીણીરેત પાસે થઈને લાખુખાડ એટલે કે પાણીની ઊંડી ખાડ હશે ત્યાં થઈને નીકળતું હશે.

આ વિસ્તારમાં કહેવાય છે કે શ્રીશંકરાચાર્યજી દ્વારા 'લાખેશ્વર મહાદેવ'ની પ્રતિષ્ઠા થઈ હતી. શ્રીલાખેશ્વર મહાદેવની એ વખતમાં ખૂબ જ જાહોજલાલી હતી અને સંન્યાસી–મઠો અહીં શોભતા હતા.

[અનુસંધાન પા. ૧૭ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાલાવડનું પુરાતન

**(પુરાતનના મુદ્દા)**

**શ્રી યશવંત હ. ઉપાધ્યાય**

હાલારમાં કાલાવડ તાલુકાના નાની ભલસાણ બેરાજાની દક્ષિણ દિશામાં લગભગ એકાદ કિ. મી.-ના અંતરે આવેલ ખરાબા તથા ખેતરવાળી જગ્યાએથી જૂના સમયનાં ઠીકરાં, લોખંડનો કિટોડો અને લોખંડના ગઠ્ઠા તથા માટીનાં વાસણોના ટુકડા દેખાય છે. આ વાસણો ભાતીગળ છે. જૂના સમયમાં અહીં કોઈ વસવાટ હોય એવું લાગે છે, જેના આધાર તરીકે કોઈ બુરાયેલા કૂવાના અવશેષ મળી આવ્યા છે. ત્યાં જૂના સમયમાં વડિયું ગામ હોય એવું વૃદ્ધોના મુખેથી સાંભળવા મળ્યું છે. ભલસાણ ગામ વસ્યા પહેલાંનું એ સ્થળ છે. ભલસાણ ગામને વસ્યે ચારસો વરસ થયાં હશે એ વાતને અનુભવીઓનું સમર્થન મળે છે. બેરાજાની આથમણી દિશાએ કરાણાના કરીને એક ટીંબો છે. બાંગા ગામથી એક કિ.મી. ઉપરના ભાગે ઉગમણી દિશાએ એક બીજો ટીંબો છે. હરથળની સીમમાં ઈશાન બાજુએ બેરાજાના સીમાડે જોડયાદરની જગ્યા તરીકે ઓળખાતો ઉજ્જડ ટીંબા નામનો વિસ્તાર છે. ભલસાણ ગામની નૈઋત્ય તરફ નવા ગામતળમાં એક જૂનું મંદિર છે, જે છતરડી જેવું છે. અંદર પાળિયા પણ છે.

ગ્રામસંસ્કૃતિનું ધબકતું સ્થળ એટલે ચોરો. સમગ્ર ગામનું દર્શન કરવાને બદલે ગામના ચોરા પાસે બેસવાથી આપણને એ ગામના લોકજીવનનો ઇતિહાસ અને સમાજજીવનનો પરિચય મળી આવે છે. હાલાર પંથકમાં આવા કેટલાક ચોરાનાં ચિત્રો સુંદર ઈતિહાસસંદર્ભ બની રહે તેવાં છે, જેમાં ઉમરાળા ગામમાં આવેલ ચોરાનાં ચિત્રો (નવા ગામની બાજુમાં આ ગામ આવેલ છે), ચંદ્રાગા (ચાવડા) ગામમાં એક કુંભારે દોરેલાં ચિત્રો લગભગ સો વરસ ઉપરનાં છે. ધુતારપર (ધડુશિયાની બાજુમાં) જ્યાં એક સાધુએ દોરેલાં ચિત્રો લગભગ સાઠ વરસ જૂનાં છે. આ ચિત્રો દ્વારા એ સમયના સમાજજીવનનું દર્શન કરવામાં સરળતા રહે છે

આ ચિત્રો ગ્રામપ્રદેશમાંથી સાહજિક રીતે મળી આવે તેવા પદાર્થોમાંથી બનાવેલાં હોય છે. અમુક સ્થાનની અંદર રામાયણ મહાભારત કે ભગવાન શ્રીકૃષ્ણની લીલાના પ્રસંગ જોવા મળે છે, પરંતુ ત્યાં સ્થળતપાસ કરી કયા ચિતારાએ કેટલા સમય પહેલાં બનાવ્યાં હશે એ બધી વિગતો સંકલિત કરવા જેવી છે. કોઈ જિજ્ઞાસુઓની સંશોધનવૃત્તિ આ તરફ જાગ્રત થાય એ હેતુથી પુરાતનના એ નાના મુદ્દા અહીં રજૂ કર્યા છે.

ઠે. મસ્જિદશેરી, કાલાવડ-૩૬૧૪૩૦

---


**સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭** **ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૬૦૫**

## ધી બરોડા સિટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪
૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧
૩. ફતેગંજ ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪
૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨

દરેક પ્રકારનું બૅન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

**મેનેજર : કાંતિભાઈ ડી. પટેલ** **મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ**

**પ્રમુખ : કીકાભાઈ પટેલ**




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાઠિયાવાડનો રાજકીય પરિચય*

[૧૯ મી સદી]

શ્રી. ગોવિંદ પ. મકવાણા

**પૂર્વભૂમિકા :** જે ભૂમિએ સંત શૂરવીર અને દાતાર જેવાં રત્નોની ભેટ આપી છે તેવી ભૂમિના કવિઓ-લેખકોએ એમની લોકકથાઓ શૌર્યકથાઓ અને કાવ્ય વગેરે રચનાઓમાં જેની ભાતીગળ સંસ્કૃતિનાં મુક્ત હૈયે વખાણ કર્યાં છે તેવી આ ભૂમિનું 'કાઠિયાવાડ' નામ મરાઠાઓના ગુજરાતમાં થયેલા આગમન દરમ્યાન પડેલું છે. જ્યારે સૌરાષ્ટ્રમાં મરાઠાઓનાં લશ્કરોની ઉપરા-ઉપરી લડાઈઓ થઈ ત્યારે આ પ્રાંતમાં ઘણા ટંટાખોર અને લૂંટારાઓ તરીકે પ્રખ્યાત થયેલ માથાભારે કાઠી જમીનદારો એમના જોવામાં આવ્યા એ કારણે મરાઠાઓએ આ પ્રાંતનું નામ 'કાઠિયાવાડ' પાડયું હતું. ત્યારબાદ આ પ્રાંતનો વહીવટ મરાઠાઓ પાસેથી અંગ્રેજ સરકારની હસ્તક આવ્યો ત્યારે એમણે પણ 'કાઠિયાવાડ' નામ ચાલુ રાખ્યું. આમ સમય જતાં એનું પ્રાચીન સમયનું 'સુરાષ્ટ્રા' નામ અસ્ત પામ્યું અને 'કાઠિયાવાડ' નામ પ્રચલિત બની ગયું.

આપણાં પુરાણો અને જૂના ઐતિહાસિક શિલાલેખોનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે એનું પ્રાચીનકાળથી ચાલતું આવતું નામ 'સુરાષ્ટ્રા' કે ક્વચિત્ 'સૌરાષ્ટ્ર' હતું. ગ્રીક અને ચીન દેશના ગ્રંથોમાંથી પણ આ નામ મળે છે.

મુસલમાન લોકોએ એને 'સૌરાષ્ટ્ર' ઉપરથી અપભ્રંશ થયેલા 'સોરઠ' નામથી ઓળખ્યો છે. કેટલાક અંગ્રેજ ગ્રંથકારોએ 'સૌરાષ્ટ્ર' એટલે કે સૂર્યપૂજક લોકોનો દેશ એવો અર્થ કરેલ છે. 'કાઠિયાવાડ' નામ ખરેખર દ્વીપકલ્પ વચ્ચેનો એક પ્રદેશ કે જેમાં કાઠી લોકોની વસ્તી ઘણું કરી વધુ પ્રમાણમાં છે તેને જ આપી શકાય.

**રાજકીય વહીવટી વિભાગો :** 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં સૌરાષ્ટ્રના દસ વિભાગ દર્શાવેલા છે, જેમાં રાજા ઠાકોર ગરાસિયાનાં મળીને ૧૯૩ સંસ્થાન હતાં તેમાં સૌથી મોટામાં મોટું સંસ્થાન જામનું ૨૮ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતું હાલાર સંસ્થાન હતું તેમજ નાનામાં નાનો વાંટો પણ હતો. સને ૧૮૬૩ માં કાઠિયાવાડના બધા રાજા રાણાઓના એમની સત્તાઓનું ધોરણ નક્કી કરી સાત વર્ગ કરવામાં આવ્યા હતા. પ્રથમ વર્ગનાં ચાર રજવાડાં નવાનગર જૂનાગઢ ભાવનગર અને ધ્રાંગધ્રા તથા બીજા વર્ગનાં નવ રજવાડાં પોતાનો વહીવટ સ્વતંત્ર રીતે પોતે કરતાં હતાં અને અન્ય સંસ્થાનોનો વહીવટ એમના દરજ્જા પ્રમાણે અંગ્રેજ સરકારના પોલિટિકલ એજન્ટ સાથે મળીને કરતાં હતાં. કેટલાક ઠાકોરોને તો દીવાની કે ફોજદારી સત્તા બિલકુલ આપવામાં આવેલ ન હતી તેવાં પણ કેટલાંક નાનાં સંસ્થાન હતાં.

અંગ્રેજ સરકાર તરફથી આ પ્રાંતમાં પોતાની હકૂમત વ્યવસ્થિત ચાલે એ માટે અને બરાબર દેખરેખ રાખવા પોલિટિકલ એજન્ટની દેખરેખ હેઠળ સૌરાષ્ટ્રના ચાર વહીવટી વિભાગ નક્કી કરવામાં આવ્યા હતા અને આ ચારેય વિભાગોના અલગ અલગ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની નિમણૂકો કરવામાં આવેલ હતી. આ ચાર વિભાગ 'હાલાર' 'સોરઠ' 'ગોહિલવાડ' અને 'ઝાલાવાડ'ના નામે ઓળખાતા હતા.

**હાલાર :** ગુજરાતના સુલતાન બહાદુરશાહ(ઈ. સ. ૧૫૨૬–૩૬)ના શાસનના અંતકાળમાં એની સત્તા પ્રાંતમાંથી ઘણી ઓછી થઈ ગઈ હતી. કચ્છના એક સરદાર જામ રાવળે મોટી ફોજ સાથે કચ્છના રણમાં થઈને આવીને, આ પ્રાંતમાંનો કેટલોક પ્રદેશ જીતી લઈને ઈ. સ. ૧૫૩૫ માં પોતાની

* ગુજરાત ઇતિહાસ પરિષદના ૨૫ થી ૨૭-૧૧-૮૮ના કલકત્તા અધિવેશનમાં સ્વીકૃત અને વંચાયેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્તાનો અમલ કર્યો હતો અને આ પ્રાંતનું નામ પોતાના પૂર્વજ 'જામ હાલા'ના નામ ઉપરથી 'હાલાર' નામ આપ્યું. ઈ. સ. ૧૫૪૦ માં જામ રાવળે રંગમતી અને નાગમતી નદીના સંગમ ઉપર 'નવાનગર' નામનું પોતાની રાજધાનીનું શહેર વસાવ્યું. હાલાર દ્વીપકલ્પની વચ્ચોવચ્ચ અને વાયવ્ય ખૂણામાં છે તેમાં પ્રથમ વર્ગનું નવાનગર (હાલનું જામનગર), બીજા વર્ગનાં મોરબી ધ્રોળ રાજકોટ અને ગોંડળ, ચોથા વર્ગનાં કોટડા વીરપુર અને માળિયા તથા પાંચમા વર્ગનાં ગવરીદડ પાલ ગડખા અને જાળિયા-દેવડી તેમજ ૧૯ થાણાં હાલારમાં આવેલ હતાં અને બધા જાડેજા રાજપૂતોના વંશજો હતા તથા એમનો બધાનો ઉપરી જામ હાલારમાં હતો.

**ગોહિલવાડ :** મૂળ મારવાડના વતની ગોહિલો ઈ. સ. ૧૨૬૦ માં સેજકજીની સરદારી નીચે સોરઠમાં આવ્યા. રા'ખેંગારે એમને એક ગામ આપ્યું, જેનું નામ સેજકજીએ 'સેજકપુર' પાડ્યું હતું. સમય જતાં એના વંશવારસો વધતાં એમના વંશજના શિહોરના ભાવસિંહજીએ ૧૭૨૨ માં મરાઠાની ફોજને શિહોર-માંથી પોતાની હિંમત અને ચતુરાઈથી હાંકી કાઢી તેથી એમની સત્તા વધવા લાગી. એમણે પોતાના સંસ્થાનની આસપાસનો મુલક જીતવાનો આરંભ કર્યો અને એક પછી એક થાણાં જીતી લીધાં, એમ છતાં એમને કોઈએ અટકાવ્યા નહિ. એમણે મુસલમાનોનું સૌથી મોટું લોલિયાણાનું થાણું કબજે કર્યું હતું. આમ એમણે અનેક થાણાં–ગામ પોતાના હસ્તગત કરી ઈ. સ. ૧૭૪૩ માં ભાવનગર સંસ્થાન સ્થાપ્યું. ગોહિલવાડ સોરઠની પૂર્વે અને અને ઈશાન ખૂણામાં છે તેમાં પહેલા વર્ગનું ભાવનગર, બીજા વર્ગનું પાલીતાણા, ત્રીજા વર્ગનું વળા અને જસદણ, ચોથા વર્ગનું લાઠી અને તદુપરાંત ૬૦ થાણાં ગોહિલવાડમાં આવેલ હતાં. ગોહિલવાડનો મોટા ભાગનો મુલક ગોહિલ રાજપૂતોના તાબામાં હતો તેથી એને 'ગોહિલવાડ' તરીકે ઓળખવામાં આવતો હતો.

**સોરઠ :** ઈ. સ. ૧૭૩૮ માં ગુજરાતના સૂબા મોમીનખાનની વગથી શેરખાન બાબી સોરઠનો નાયબ ફોજદાર નિમાયો હતો. ત્યારપછી એ જ વર્ષમાં શેરખાને પોતાના બાપની જાગીર ધોઘાનો પણ કબજો પ્રાપ્ત કર્યો હતો. સોરઠમાં ગાયકવાડ ખંડણી ઉઘરાવતા હતા. દામાજીએ ઈ. સ. ૧૭૪૬ માં કાનજી તાકપરને આ પ્રાંતમાં ખંડણી ઉઘરાવવા મોકલ્યો હતો. એણે વંથળી શહેર કબજે કર્યું, પરંતુ ૧૭૪૮ માં ગુજરાતમાં એ પાછો ગયો હતો. આ વખતે શેરખાન બાબીએ ગુજરાતના મામલામાં દખલ કરવાનું છોડી દીધું હતું અને 'બહાદુરખાન' નામ તથા 'નવાબ'નો ખિતાબ ધારણ કરી જૂનાગઢમાં સ્વતંત્ર રાજ્યની એણે સ્થાપના કરી. આમ સોરઠની ફોજદારીનો આ રીતે અંત આવ્યો અને 'સોરઠ રાજ્ય' બન્યું હતું. સોરઠ દક્ષિણ અને અગ્નિ ખૂણામાં આવેલ છે તેમાં પ્રથમ વર્ગનું જૂનાગઢ, બીજા વર્ગનું જાફરાબાદ, ત્રીજા વર્ગનું પોરબંદર તથા માણાવદર, ચોથા વર્ગનું જેતપુર, પાંચમા વર્ગનું બાંટવા તથા વિસાવદર અને બે છઠ્ઠા વર્ગનાં સંસ્થાનો તથા ૨૩ થાણાં સોરઠ પ્રાંતમાં આવેલ હતાં. એમાંના મોટા ભાગનાં સંસ્થાના મુસ્લિમ રાજ્યો હતાં

**ઝાલાવાડ :** ઝાલાવાડ કાઠિયાવાડ પ્રાંતના ઉત્તર ભાગમાં છે. એનાં ઘણાખરાં સંસ્થાનોના રાજા ઝાલા રાજપૂતોના વંશજ છે તેથી એનું નામ 'ઝાલાવાડ' પડ્યું હતું. ધ્રાંગધ્રાના રાજા 'રાજસાહેબ' તરીકે ઓળખાતા હતા અને એઓ ઝાલા રાજપૂતોના ઉપરી હતા. ઝાલા વંશનો મૂળ સ્થાપક હરપાલ મકવાણો ૧૩ મી સદીમાં કચ્છમાંથી ગુજરાતમાં આવી કરણ વાઘેલાની રાજ્યની સેવામાં જોડાયો હતો અને ત્યારબાદ પોતાની સત્તા વધારીને આના વંશજોએ અલગ સ્વતંત્ર રાજ્યોની સ્થાપના કરી હતી. ઝાલાવડની અંદરના ભાગમાં ધ્રાંગધ્રા વાંકાનેર લીંબડી અને વઢવાણ સંસ્થાનો ઝાલા રાજપૂતોના વંશનાં હતાં. એની દક્ષિણે પંચાલ છે અને એમાં ઝાલા રાજપૂતોના વંશનાં થાન અને સાયલા તથા પરમારોનું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂળી સંસ્થાન આવેલ હતાં. ઝાલાવાડમાં ધ્રાંગધ્રા પ્રથમ વર્ગનું, બીજા વર્ગનાં વાંકાનેર લીંબડી અને વઢવાણ, ત્રીજા વર્ગનાં લખતર સાયલા અને ચૂડા, ચોથા વર્ગનાં મૂળી અને બજાણા તથા પાંચમા વર્ગનાં પાટડી અને વતોડ નામનાં સંસ્થાન હતાં. ઝાલાવાડમાં ૫૩ થાણદારોનાં થાણાંઓનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો.

જેટલા મુલકોનો વહીવટ રાજાઓ સ્વતંત્ર રીતે કરતા હતા તેનું ક્ષેત્રફળ સને ૧૮૮૧ માં ૧૮,૨૫૬ ચો. મી. હતું અને એની કુલ વસ્તી ૨૦,૫૬, ૮૭૦ જેટલી હતી તથા જે મુલકોનો વહીવટ રાજ્ય તરફથી અંગ્રેજ સરકારના પોલિટિકલ એજન્ટના અમલદારો મારફતે કરવામાં આવતો હતો તેનું ક્ષેત્રફળ ૨૬૨૩ ચો. મી. હતું અને એની કુલ વસ્તી ૬,૦૦,૨૦૦ ની હતી.

**પ્રાંતમાં બ્રિટિશ હકૂમતની શરૂઆત :** સૌ–પ્રથમ વાર મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ બૅલેન્ટાઈનને ઈ.સ. ૧૮૭૧ માં પેશવાની ખંડણીનો ભાગ ઉઘરાવવા કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)માં મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ ઈ.સ. ૧૮૧૮ માં પેશવા સાથે બ્રિટિશ સરકારે કરારનામું કર્યું એના કારણે પેશવાનો કાઠિયાવાડનો તમામ મુલક બ્રિટિશ સરકારને હસ્તક આવ્યો હતો.

ત્યારપછી દર વર્ષે બૅલેન્ટાઈન કાઠિયાવાડમાંથી ખંડણી ઉઘરાવવા લાગ્યો. ઈ.સ. ૧૮૨૦ માં કૅપ્ટન બાર્નેવાલની કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ તરીકે સૌ–પ્રથમ વાર નિમણૂક કરવામાં આવી હતી. એણે તુરત જ ગાયકવાડનાં ખંડિયા રાજ્યોની પ્રાંતમાં તપાસ શરૂ કરી હતી. આ રીતે કાઠિયાવાડમાં બ્રિટિશ હકૂમતની શરૂઆત ૧૮૨૦ થી શરૂ થઈ હતી.

કાઠિયાવાડમાં જે સંસ્થાનોને ફોજદારી હકૂમત ન હતી તેઓની હદમાં જે ગુના થતા હતા તેનો ન્યાય કરી શિક્ષા કરવા અને ફરીથી આવા ગુનાઓનું પુનરાવર્તન ન થાય એ માટે બ્રિટિશ સરકારે ફોજદારી ન્યાયની કોર્ટ ઈ.સ. ૧૮૩૧ માં શરૂ કરી હતી અને સૌ–પ્રથમ પોલિટિકલ એજન્ટોએ પ્રાંતમાં ચાલતી અંદરોઅંદરની લડાઈઓનો અંત લાવી સુલેહ શાંતિ–પ્રસ્થાપિત કરી હતી.

ઈતિહાસ કે દંતકથા પ્રમાણે તો એમ સિદ્ધ થાય છે કે કાઠિયાવાડના રાજાઓ પોતપોતાના રાજ્ય સંબંધી કારભારની બાબતમાં તો ગુજરાતમાં જે જે સરકારો એક પછી એક સર્વોપરિ સત્તા ભોગવી ગઈ તેનાથી સર્વાંશે સ્વતંત્ર હતા. અલબત્ત, આ ગુજરાતની સરકારોને એમના તરફથી ખંડણી આપવી પડતી. એઓ ખંડણી આપતા હતા તેમાં એમનો હેતુ એટલો જ હતો કે એમનાથી વધારે બળવાન સરકારની કૃપા સંપાદિત કરવી.

પ્રાંતમાં મુલકગીરીની રીત હતી તે માત્ર ત્યાં જ હતી એવું ન હતું, હિંદુસ્તાનના બીજા ભાગોમાં પણ આ રીતનો પ્રચાર થયો હતો. ખંડણી ઘણી વાર જબરદસ્તીથી લેવામાં આવતી હતી. માત્ર જમની માલિકીના પ્રદેશ સિવાયનો તમામ મુલક મુઘલોના વખતમાં ખાલસા મુલક ગણવામાં આવતો હતો.

ઈ.સ. ૧૮૬૩ માં પ્રાંતના રાજ્યકારભારમાં નવી યોજના દાખલ કરી એના પરિણામ ઘણાં સારાં નીવડ્યાં હતાં. એ વખતે વાઘેરો બહારવટે નીકળી ઘણું તોફાન કરતા હતા તેમને કાબૂમાં લાવતાં બ્રિટિશ સરકારના બે પોલિટિકલ એજન્ટના પ્રાણ પણ ગયા હતા તોપણ એમને કાબૂમાં લેવામાં આવ્યા હતા અને બહારવટે નીકળવાનો રિવાજ બંધ કરવામાં આવ્યો હતો. રાજાઓને પણ પોતાનાં ન્યાયખાતાં સુધારવા તાકીદ કરવામાં આવી હતી. પોલિટિકલ એજન્ટને ન્યાયની બાબતમાં મદદ કરવા જ્યુડિશિયલ આસિસ્ટન્ટની નવી અમલદારી જગા ઈ.સ. ૧૮૭૦ માં શરૂ કરવામાં આવી હતી. રાજાઓ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ગરાસિયાઓ વચ્ચેના ટંટા-ઝઘડાઓના નિકાલ કરવા ઈ.સ. ૧૮૭૩ માં રાજસ્થાનિક કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.

ઈ.સ. ૧૮૭૦ માં રાજકુમાર કૉલેજની સ્થાપના મુંબઈના એ વખતના માજી ગવર્નર સીમોર ફિટ્ઝરલ્ડના હાથે થઈ હતી. એ કૉલેજ શરૂ કરવાનો પ્રથમ વિચાર કર્નલ કિટિંજને આવ્યો હતો. એના કારણે રાજકુમારો એમાંથી શિક્ષણ લઈને રાજ્યકારભારમાં સુધારો કરતા થયા હતા.

**જમીન-વહીવટ** : કાઠિયાવાડમાં જમીનના વહીવટ સંબંધી નોંધાયેલો વધુ પ્રચલિત શબ્દ 'ગિરાસ' છે અથવા વધારે શુદ્ધ શબ્દ "ગ્રાસ" છે. જેમ જેમ રાજપૂતોએ જુદા જુદા ભાગમાં લડાઈઓ કરી જમીન પ્રાપ્ત કરી અને મેળવેલી જમીન પોતાના વારસોને આપતા ગયા તેમ તેમ એઓ 'ગરાસિયા' કહેવાતા થયા. આ ગરાસિયા પોતાની શક્તિથી સ્વતંત્રતા અને સત્તા પ્રાપ્ત કરવા લાગ્યા અને એઓએ 'ઠાકોર' 'રાવળ' 'રાણા' કે 'રાજા'નો ઈલકાબ ધારણ કર્યો.

**જમીનદારી હક્ક** : અઢારસોના સૈકાની શરૂઆતમાં દરેક જમીનદાર ગરાસિયામાંથી રાજા રાણા સુધીનો પોતપોતાના મુલકમાં અખત્યાર વાપરતા હતા. પોતાની હદના બધી જાતના ઝઘડાઓનો એ નિકાલ કરતા અને દેહાંતદંડની શિક્ષા પણ કરતા એમાં એને કોઈ ઉપરી અધિકારીની પરવાનગી મેળવવી પડતી ન હતી અને એ બધું પોતાની મરજી મુજબ કરતા હતા.

રાજપૂતો તથા બીજા ગરાસિયાઓ લશ્કરી નોકરી કરી રાજવીઓના જાનમાલનું રક્ષણ કરતા એના બદલામાં એમને જમીન ગામ મળતાં હતાં. ગરાસિયા પોતાના ગામના વસવાયા પાસે પ્રસંગ આવ્યે ચાકરી કરાવતા હતા. એમના ઘેર લગ્ન કે જન્મનો પ્રસંગ આવ્યેથી લોકો પાસેથી કર ઉઘરાવતા અને પોતાની મરજી મુજબ ઊપજનો કર વધારતા તથા ઘટાડતા હતા.

કર્નલ વૉકરે સને ૧૮૦૭–૦૮ માં રાજા ઠાકોર જમીનદાર વગેરેએ કેટકેટલી અને કેવી રીતે ખંડણી આપવી એ બાબતના જૂથનો ઠરાવ કર્યો હતો તેમાં એકસરખું ધોરણ રાખવામાં આવ્યું ન હતું. નાના નાના જમીનદારો પણ પોતાના ઉપરીથી સ્વતંત્ર થઈ ગયા હતા અને જુદી ખંડણી આપનારા તરીકે ઓળખાવા લાગ્યા હતા એમ છતાં કેટલાક તાબાના ગરાસિયા તરીકે પણ ઓળખાતા હતા. ભાયાતો અને ગરાસિયાઓ ઠાકોરને જમા આપે એમાં એમને વાંધો ન હતો, પરંતુ જો ઠાકોર એમના ગામ-વહીવટમાં હસ્તક્ષેપ કરે તો એ કોઈ કાળે સાંખી લેતા નહિ, તેથી ઠાકોર અને ગરાસિયાઓ વચ્ચે ઘણો અણબનાવ રહેતો હતો અને એના-કારણે ગરાસિયા બહારવટે નીકળી ઠાકોરની માલમિલકતને ભારે નુકસાન કરતા હતા અને રૈયતની જાનહાનિ પણ થતી હતી. ૧૮૭૩ માં રાજસ્થાનિક કોર્ટ સ્થાપવામાં આવી ત્યારપછી બહારવટાનો ચાલ પણ ઓછો થયો હતો. રાજા અને ભાયાતો વચ્ચે જે તકરાર ઊભી થતી તેનો નિકાલ આ કોર્ટ દ્વારા કરવામાં આવતો હતો.

**તાલુકદાર** : જે ગરાસિતા અને તાલુકદારોને કર્નલ વૉકરના ઠરાવ વખતે સ્વતંત્ર ગણવામાં આવ્યા હતા તેમની સ્થિતિમાં ૧૮૦૮ પછી ઘણો ફેરફાર થયો હતો. પહેલાં એમનાં હકૂમત અને હક્ક ઘણાં હતાં, પણ જેમ જેમ પ્રાંતમાં શાંતિ અને સુધારા થતાં ગયાં તેમ તેમ એમના હક્ક નક્કી થતા ગયા હતા. છેવટે ૧૮૬૩ માં પોલિટિકલ એજન્ટ કર્નલ કિટિંજે કાઠિયાવાડના બધા તાલુકદારોના સાત વિભાગ પાડચા હતા અને એમના દરજ્જા તથા મુલકના પ્રમાણમાં એઓને ફોજદારી તથા દીવાની હકૂમત આપી હતી. આવા તાલુકદારોમાં જે ઘણા નાના હતા તેમની પાસેથી બધી સત્તા લઈને એમના ગામનો વહીવટ થાણદારોમાં વહેંચી નાખવામાં આવેલ હતો. મહેસૂલ સંબંધી



For Private and Personal Use Only

તમામ અધિકારો તાલુકદારોની પાસે હતા, પરંતુ રાજા સગીર વયનો હોય કે રાજ્ય માથે દેવું હોય તેવા વખતે મહેસૂલ સંબંધી વહીવટ પોલિટિકલ એજન્ટ કરતા હતા.

તાલુકદારો અને ગરાસિયા જમીનદાર સિવાય સૈયદ બ્રાહ્મણ ભાટ ચારણ વગેરેને પણ અખાંડ ગામો ધર્માદામાં આપવામાં આવતાં હતાં. આ લોકોના હક્ક પહેલાં ગરાસિયા જેટલા જ હતા, પરંતુ ૧૮૬૩ પછી એઓની સત્તા મર્યાદિત કરીને માત્ર ઊપજ ખાવાની સત્તા આપી હતી.

**જીવાઈદારો :** કાઠિયાવાડમાં ઘણા જીવાઈદારો પણ હતા તેમને એમના ભરણપોષણ માટે અથવા રાજ્યની ચાકરીના બદલામાં જમીન આપવામાં આવતી હતી. આ જમીનનો હક્ક કેટલાકનો હયાતી સુધીનો તો કેટલાકનો વંશપરંપરાગત સુધીનો હતો, પરંતુ એમને ગરાસિયા જેટલા હક્ક ફોજદારી કે દીવાની અધિકાર આપવામાં આવેલ ન હતા.

ગામના પટેલ હવાલદાર પસાયતા હજામ અને ભંગીને પણ રાજ્યની ચાકરી બદલ જમીન આપવામાં આવતી હતી.

**મહેસૂલ :** મહેસૂલ બે રીતથી ઉઘરાવામાં આવતું હતું : એક રાજભાગ તરીકે અનાજના સ્વરૂપમાં અને બીજું રોકડ નાણાના સ્વરૂપમાં ઉઘરાવવામાં આવતું હતું. વેરાના પણ ઘણા જુદા જુદા પ્રકાર હતા.

આમ, કાઠિયાવાડનો રાજકીય ઇતિહાસ ઘણો વિસ્તૃત અને અદ્વિતીય છે તથા હિંદુસ્તાનનાં સ્વતંત્ર રજવાડાંઓમાં કાઠિયાવાડનાં સ્વતંત્ર રાજપૂત રાજ્યો ઘણાં પ્રસિદ્ધ અને સારા વહીવટ માટે ખૂબ જ જાણીતાં હતાં.

ઠે. દફતર વિભાગ, ગાંધીનગર–૩૮૨૦૧૭

### સંદર્ભ


૧. કાઠિયાવાડ સર્વસંગ્રહ, ૧૮૮૬, કર્નલ જે ડબલ્યૂ વૉટ્સન

૨. સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ ભાગ–૧ (૧૮૬૮), ભગવાનલાલ સંપતરામ

૩. એ કલેક્શન ઑફ ટ્રીટીઝ, એન્ગેજમેન્ટ્સ, ઍન્ડ સનદ્ઝ રિલેઈટિંગ ટુ ઇન્ડિયા ઍન્ડ નેઇબરિંગ કન્ટ્રીઝ, પાર્ટન સી. વી. ઐતોહિરોય




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૪૩. મહત્ત્વના બનાવ :

ભારત યુનિયનના ભાગ 'સી' સ્ટેટ તરીકે કચ્છનો વહીવટ ચીફ કમિશનરે સંભાળ્યો ત્યારથી કચ્છમાં નવા યુગનાં મંડાણ થયાં. ભારતના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલને કચ્છ તરફ ખાસ ચાહના હતી અને કચ્છના સર્વાંગી વિકાસ માટે એઓએ કેન્દ્ર સરકાર તરફથી સ્પેશિયલ ગ્રાન્ટો મંજૂર થાય એવા બધા પ્રયાસ કર્યા હતા. કચ્છના ચીફ કમિશનરને વહીવટમાં સલાહ આપવા માટે કચ્છના પ્રતિનિધિઓવાળી ઍડવાઇઝરી કાઉન્સિલની રચના કરાઈ હતી અને થોડા વખત બાદ એ કાઉન્સિલનું વિસર્જન કરીને, કચ્છના બે પ્રતિનિધિઓને ઍડવાઇઝર્સ તરીકે નીમીને એકને રેવન્યૂ ખાતાનો તથા બીજાને કેળવણી ખાતાનો હવાલો સોંપ્યો હતો, આથી કચ્છના વહીવટમાં ગતિ અને સંવાદિતા આવી હતી. કચ્છ દેશી રાજ્યના વખતની હાઇકોર્ટ બંધ કરીને કચ્છમાં જ્યુડિશિયલ કમિશનરની કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી અને તેથી કચ્છમાં ન્યાયની વ્યવસ્થા ઝડપી અને સસ્તી બની હતી, અમદાવાદ કે મુંબઈ સુધી અપીલો કરવાની જરૂર રહી ન હતી. કચ્છમાંથી ભારતની બંધારણસભા માટે એક પ્રતિનિધિને મોકલવાની તક મળી હતી અને તેથી બંધારણના ઘડતરમાં ભાગ લેવા અને બંધારણના નિષ્ણાત સભ્યોના અભિપ્રાય તેમ રજૂઆત જાણવાની તક મળી હતી. ઈ. સ. ૧૯૫૨ માં કેન્દ્રની પાર્લામેન્ટ(સંસદ)નાં બંને ગૃહોના સભ્યોની ચૂંટણી વખતે કચ્છને લોકસભા માટે બે સભ્યો તથા રાજ્યસભા માટે એક સભ્ય ચૂંટવાના અધિકાર મળ્યા હતા અને તેથી કચ્છમાંથી લોકસભા માટે બે પ્રતિનિધિ તથા રાજ્યસભા માટે એક પ્રતિનિધિ કચ્છમાંથી ચૂંટાયા હતા. કેન્દ્રશાસન ઈ. સ. ૧૯૫૬ સુધી ચાલ્યું તે દરમ્યાન ઘણા યોગ્ય કચ્છીઓને કચ્છમાં જુદી જુદી જગ્યાઓ પર નીમવામાં આવ્યા હતા.

કેન્દ્રશાસન આવવાની સાથે કચ્છ દેશી રાજ્ય વખતનું જૂનું કોરીનું ચલણ બંધ થયું હતું અને એક રૂપિયાની ત્રણ કોરીના હિસાબે રાજ્ય સરકાર તરફથી કોરીઓનું ચલણ પાછું ખેંચાયું હતું. આમ થવાથી કરોડોની કિંમતની ચાંદી રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ શકી હતી અને કચ્છ માટે વિકાસકાર્યો ઝડપભેર ચાલુ થયાં હતાં. સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનને જમીન ફાળવી અપાતાં એ જમીનના થોડા ભાગ પર ગાંધીધામ આદિપુર તથા ગોપાલપુરી નામે ત્રણ શહેર વસાવાયાં હતાં અને ગાંધીધામ મહાનગર બન્યું હતું. થોડા વખત બાદ ગાંધીધામને અંજાર તથા કંડલા બંદર સાથે રેલવે-વહેવારથી જોડવામાં આવ્યું હતું અને ત્યારબાદ ગાંધીધામથી ભચાઉ થઈને આડેસર અને ત્યાંથી રણમાં થઈને સાંતલપુર થઈ પાલનપુર સુધી રેલવે લાઈન બંધાઈ ને ગાંધીધામને દિલ્હી સુધીનું રેલવે-જોડાણ મળ્યું. ભુજ-મુંબઈ એર-પૅસેન્જર-સર્વિસ ચાલુ થઈ. સન ૧૯૬૯માં કંડલા-ઝુંડ બ્રોડગેજ ચાલુ થઈ.

કચ્છમાં મહારાવશ્રી ખેંગારજીના સમયથી અંજારમાં સ્પિનિંગ મિલ, માંડવીમાં મેચ ફૅક્ટરી તથા ગ્લાસ ફૅક્ટરી અને ઑઈલ મિલ, કંડલામાં એશિયાનું સૌથી મોટું મીઠાનું કારખાનું વગેરે ઉદ્યોગોને સવલતા આપવામાં આવી હતી અને દિલ્હી સુધી રેલવે-વહેવાર થવાથી વિકાસને વેગ મળ્યો હતો તેથી વેપારમાં વૃદ્ધિ થઈ હતી. જખૌ તથા મુંદ્રામાં મીઠાનાં નવાં કારખાનાં સ્થપાયાં તથા કંડલા વિસ્તારમાં બીજા ઘણા ઉદ્યોગ ફ્રી-ટ્રેડ ઝોન જાહેર થયા બાદ વધ્યા. કચ્છમાં સિંચાઈની સગવડો વધી હતી અને રસ્તા પહેલાં માત્ર ૪૫૭ કિ.મી. લંબાઈના હતા તે વધીને લગભગ પાંચ હજાર કિ.મી. જેટલી લંબાઈના થયા હતા. બસ-વહેવારથી કચ્છનાં લગભગ બધાં ગામોને આવરી લેવાયાં છે. સ્વાતંત્ર્ય પહેલાં કચ્છમાં માત્ર ૧૨૦ કિ.મી.ની નૅરોગેજ રેલવે લાઈન હતી, જેને સ્થાને હાલ ૨૦૦ કિ.મી.ની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીટરગેજ અને ૮૩ કિ.મી. ની બ્રોડગેજ રેલવે-સગવડને કારણે મુંબઈ જવું સરળ બનેલ છે. સ્વાતંત્ર્ય બાદ મધ્યમ કદના સિંચાઈબંધ સારા પ્રમાણમાં બંધાયા છે, જેમાં રુદ્રમાતા નિરોણા વગેરે બંધ મુખ્ય છે. આ બંધોની સિંચાઈ-શક્તિ ૪૦,૦૦૦ હૅક્ટરથી વધારે છે. આ ઉપરાંત ૧૬૯ પાતાળકૂવા સ્વાતંત્ર્ય બાદ ખોદાયા છે, આનાથી પણ સિંચાઈ-શક્તિ ૩૨૦૦ હૅક્ટર વધી છે. આમ થવાથી જમીનની રસાળતા વધી છે. મીઠાના ઉદ્યોગનો વિકાસ થયો છે. એ ઉપરાંત કંડલામાં ઇફકોનું ખાતરનું કારખાનું તથા બીજાં કારખાનાં ઊભાં કરાયાં છે. વિશેષમાં લખપત તાલુકામાં લિગ્નાઈટ કોલસાનું મોટા પાયે ખોદકામ શરૂ થયું છે અને બીજાં ખનિજોનું ખોદકામ પણ ચાલુ છે, જ્યાંથી દરરોજ સેંકડો ટ્રકો ભરીને લિગ્નાઈટ બૉક્સાઇટ વગેરે ખનિજની નિકાસ થાય છે. કેળવણીક્ષેત્રે કચ્છમાં સ્વાતંત્ર્ય બાદ કેન્દ્રશાસનના વહીવટ દરમ્યાન ભુજમાં શેઠ રામજી રવજી લાલન આર્ટ્સ કૉલેજનું મકાન બંધાયું અને કૉલેજનો વહીવટ રાજ્ય સરકાર કરે છે. ત્યારબાદ કચ્છમાં ભુજ માંડવી તથા આદિપુરમાં મળીને સાયન્સ આર્ટ્સ કૉમર્સ તથા કાયદાની વગેરે મળીને બીજી છ કૉલેજો સ્થપાઈ છે અને વધારામાં આદિપુરમાં તોલાણી પૉલિટેક્નિક કૉલેજ સ્થપાઈ છે. ભુજમાં જનરલ હૉસ્પિટલ રાજ્ય તરફથી તથા બીજી હૉસ્પિટલો અને દવાખાનાં સખાવતી સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવે છે. એ જ રીતે માંડવી અંજાર મુંદ્રા તથા બીજાં નગરોમાં હૉસ્પિટલો તથા દવાખાનાંઓની સગવડો તથા આરોગ્ય-કેન્દ્રોની સગવડો થયેલ છે. વીજળીની સગવડો પણ કચ્છનાં ઘણાં ગામોને ઉપલબ્ધ થઈ છે અને હજારો કૂવાઓ ઉપર વીજળીની મોટરો બેસાડવામાં આવી છે. ટેલિફોનની સગવડો પણ હવે તાલુકાઓનાં મુખ્ય શહેરોમાં થયેલ છે. કચ્છમાં ત્રણ પંચવર્ષીય યોજના દરમ્યાન કુલે રૂપિયા સોળ કરોડનું ખર્ચ કરવામાં આવ્યું છે, કંડલા પૉર્ટ ટ્રસ્ટ પણ સ્થપાયું છે અને અનેક સગવડો પણ ત્યાં થયેલ છે. કચ્છમાં આમ સર્વાંગી વિકાસ થવા પામ્યો છે અને એ માટે કેન્દ્ર સરકારની ઉદાર ગ્રાન્ટો વિશેષે કરીને સહાયભૂત થઈ છે, જે માટે કચ્છની પ્રજા સરદાર પટેલની ઋણી છે. કચ્છને રેડિયો સ્ટેશન પણ કેન્દ્ર તરફથી મળેલ છે.

ઈ.સ. ૧૯૫૬ ના નવેમ્બર માસમાં કચ્છ ભાગ 'સી' સ્ટેઇટનું વિસર્જન કરીને મુંબઈ દ્વિભાષી રાજ્યનો એક જિલ્લો બનાવાયો અને ૧૯૬૦ના એપ્રિલ માસ સુધી કચ્છ મુંબઈ દ્વિભાષી રાજ્યનો એક જિલ્લો રહ્યો. રાજ્યની વિધાનસભામાં છ સભ્યોને ચૂંટી મોકલવા કચ્છ જિલ્લાને અધિકાર મળ્યો. ત્યારબાદ ઈ.સ. ૧૯૬૦ના મે માસથી કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બનેલ છે અને રાજ્યની વિધાનસભા માટે છ સભ્યોને ચૂંટી મોકલવાનો એને અધિકાર મળેલ છે, પણ કેન્દ્રની સંસદની લોકસભા માટે હવે માત્ર એક જ સભ્યને ચૂંટી મોકલવાનો કચ્છને અધિકાર છે અને રાજ્યસભા માટે એક સભ્ય ચૂંટવાનો અધિકાર પણ ખરી રીતે ઝૂંટવાઈ ગયો છે તથા રાજ્ય સરકારમાં સત્તાધારી પક્ષની ઇચ્છા પર હવે માત્ર કોઈક વાર કચ્છમાંથી રાજ્યસભા માટે સભ્ય ચૂંટવાની શક્યતા રહેલ છે. કચ્છમાંથી પહેલાં એક ધારાસભ્યને રાજ્યના પ્રધાનમંડળમાં અવશ્ય સ્થાન મળતું હતું, પરંતુ હમણાં થોડાં વર્ષો થવાં એ પણ ઝૂંટવાઈ ગયું છે અને એ સત્તાધારીઓની મુનસફી પર રહેલ છે. કચ્છનું સરહદી પ્રદેશ તરીકે તથા વિસ્તારની નજરે ઈ.સ. ૧૯૪૭ થી ભારત સરકારે જે મહત્ત્વ સ્વીકારીને કચ્છને વિશિષ્ટ સ્થાન આપેલ અને કચ્છના વિકાસ અર્થે જે ઉદાર સહાયો આપવાનું ચાલુ કરેલ તથા નર્મદાનાં પાણી કચ્છને વિપુલ પ્રમાણમાં મળે, કચ્છના રણને નવસાધ્ય બનાવવા અસરકારક પગલાં લેવાય, કચ્છીઓને હુન્નર ઉદ્યોગ વેપાર વગેરેનાં વિકાસ માટે સગવડો તથા સહાય મળે અને નોકરીમાં વધુ તકો મળે એ માટે પ્રબંધ કરેલ એ બધું લગભગ બંધ છે અને કચ્છની અવગણના થઈ રહી છે એવું જણાવા લાગ્યું છે. આ કારણે કચ્છને ફરીથી કેન્દ્રશાસિત પ્રદેશ કરવાની માગણી પણ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કચ્છી ભાષાને અત્યાર સુધી ગુજરાતમાં કોઈ પ્રકારનું સ્થાન નહોતું. કચ્છી સાહિત્યકારોના અને આગેવાનોના સતપ્રયત્ને અને કચ્છીભાષા-સંસ્કૃતિ-સભ્યતા વગેરે તરફ આદર ધરાવનારા ગુજરાતના સંમાન્ય સાહિત્યકાર અને સંશોધક પ્રો. કેશવરામ કા. શાસ્ત્રીની યોગ્ય રજૂઆતથી કચ્છી ભાષાના સાહિત્યને રાજ્ય તરફથી સહાય આપવાનો લાભ મળે એવી વ્યવસ્થા થઈ છે. કચ્છી ભાષા ઉચ્ચારણ-શુદ્ધ લખાય એ માટે કચ્છી સાહિત્યિક ભાષાની જોડણીના નિયમો અને એ માટે 'કચ્છી ભાષાનો સાર્થ જોડણી કોશ' પણ પ્રો. શાસ્ત્રીએ તૈયાર કરી આપ્યો છે કચ્છી સાહિત્યકારોને ભાષા જોડણીશુદ્ધ લખવાની આનાથી સુવિધા થશે.

## ૪૪. વીસમી સદીમાં વિવિધ ક્ષેત્રે ખ્યાતિ પામેલ કેટલાક કચ્છીઓ:

માંડવીમાં જન્મેલ ભણસાળી જ્ઞાતિના વિદ્વાન રાજપુરુષ અને ક્રાંતિકારી દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્મા ઈ. સ. ૧૮૫૭ના ક્રાંતિના વર્ષમાં જન્મ્યા હતા અને ભારતવર્ષની મુક્તિ માટે લડત ચલાવતા સ્વૈચ્છિક દેશવટો ભોગવી જીનિવામાં રહેતા હતા. ત્યાં એમનું ઈ.સ. ૧૯૩૦ માં મૃત્યુ નીપજ્યું. એમણે પોતાના લખેલ કિંમતી ગ્રંથો તથા અન્ય ગ્રંથોનું ત્યાંની લાઈબ્રેરીને દાન કર્યું હતું અને કચ્છના લોકોના કલ્યાણ માટે સારી એવી રકમ આપી ગયા હતા. માંડવીમાં એમનું સ્મારક સ્થપાયું છે.

પંડિતશ્રી પીતાંબર શર્મા શાસ્ત્રી તથા મહાન જ્યોતિષી તરીકે કચ્છમાં તેમજ હિંદનાં કેટલાંક દેશી રાજ્યોમાં સંમાન પામેલ હતા. સાહિત્યક્ષેત્રે કચ્છના મૂળ વતની શ્રી. હાજીમહમદ અલારખિયા શિવજી 'વીસમી સદી' નામે વિખ્યાત માસિક દ્વારા ગુજરાતી સાહિત્યની સારી સેવા કરી ગયા. શ્રી જીવરામ અજરામર રાજગોર કચ્છના લોકસાહિત્યના સંશોધક હતા અને 'સરસ્વતી શૃંગાર' માસિક દ્વારા ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી ગયા. શ્રી આત્મારામ કેશવજી દ્વવે 'કચ્છ દેશનો ઇતિહાસ' લખી કચ્છનો ઈતિહાસ પદ્ધતિસર રીતે અને સવિસ્તર લખનાર પહેલાં કચ્છી ઇતિહાસલેખક અને વિદ્વાન તરીકે વિખ્યાત બન્યા છે. શ્રી જયકૃષ્ણ ઇંદ્રજી મહાન વનસ્પતિશાસ્ત્રી તરીકે અમૂલ્ય સેવા બજાવી ગયા છે. પ્રો. ખુશાલ તલકશી શાહ મહાન વિદ્વાન અર્થશાસ્ત્રી હતા અને અર્થશાસ્ત્ર પર કિંમતી પુસ્તકો લખી વિખ્યાત બન્યા હતા. એઓ પરમ દેશભક્ત પણ હતા. શ્રી ગોકુલદાસ ખીમજી ખાંભડાઈ સ્વદેશીના પ્રચાર તથા અન્ય લોકહિતનાં કાર્યો કરતા બહુ નિરભિમાનપણે અમૂલ્ય જનસેવા કરી ગયા છે. કવિ નિરંજન 'મુંજી માતૃભૂમિકે નમન' પંક્તિથી શરૂ થતું કચ્છી ભાષામાં રચાયેલું હૃદયંગમ કચ્છી રાષ્ટ્રગીત રચીને કચ્છના રાષ્ટ્રશાયરનું બિરુદ પ્રાપ્ત કરનાર સારા કવિ તથા પંડિત તરીકે પોતાનું નામ અમર કરી ગયા છે. મિસ્ત્રી કોમમાં જન્મેલ શ્રી જગમાલ રાજા કલકત્તાનો હાવરા બ્રિજ બાંધીને ભારતવર્ષમાં નામના મેળવનાર કચ્છના વિખ્યાત કૉન્ટ્રેક્ટર તથા બુદ્ધિશાળી સ્વપરાક્રમથી આગળ વધેલ કર્મવીર તરીકે પંકાયા છે. ભારતવર્ષની સ્વાતંત્ર્યની લડતના તેજસ્વી સેનાની તથા કચ્છની પ્રજાકીય પરિષદના મુંદ્રા અધિવેશનના પ્રમુખ તરીકે કચ્છની અમૂલ્ય સેવા બજાવનાર શ્રી યુસફ મહેરઅલી કચ્છના પનોતા પુત્ર તરીકે વિખ્યાત બન્યા છે. ઐતિહાસિક નવલકથાઓના સમર્થ લેખક તરીકે શ્રી નારાયણ વિસનજી ઠક્કુર ગુજરાતભરમાં વિખ્યાત છે. અહીં પોતાની રાજકીય સેવાઓ દ્વારા કચ્છની બધાં ક્ષેત્રોમાં કિંમતી સેવા આપી ગયેલા સ્વ. તુલસીદાસ મૂળજીભાઈ શેઠને અને એમણે જ ઊભા કરેલા, 'પથિક'ના નીડર તંત્રી, સ્વ. યુસુફમહેરઅલીના સાથીદાર સ્વ. માનસંગજી બારડને પણ ભૂલવા ન જોઈએ.

અંજાર-૩૭૦૧૧૦ : ૪-૧-૧૯૮૮ ઠા. પુ. કંસારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશિષ્ટ

**૧. સાંવલાપીર :** લખપત તાલુકાના નારાયણ-સરોવર ગામના રહીશ અને નામાં સાહિત્યકાર શ્રી માધવ જોશી(અશ્ક)ના જણાવ્યા પ્રમાણે સાંવલા અથવા સમલુ નામે કોઈ જત સરદાર રા' કનોજના સમયમાં થઈ ગયેલ અને એઓ મીર કાસમ સામેના યુદ્ધમાં શહીદ થયેલ હોવા વિશે કોઈ ઐતિહાસિક પુરાવા મળેલ નથી, પરંતુ સાંવલાપીર નામે સંત કચ્છના રાવશ્રી ગોડજી ૨ જાના સમયમાં (ઈ.સ. ૧૭૬૧ થી ૧૭૭૮) થઈ ગયા હતા. એમને રાવશ્રી ગોડજી તરફથી લખપત તાલુકામાં ગરાસ મળ્યો હતો, જે એમનો ચોથી પેઢીનો વારસ આજે પણ ભોગવે છે. વિશેષમાં એમ જણાવવામાં આવે છે કે કોરીનાળની પશ્ચિમે સાંવલાપીરનું સ્થાનક અત્યારે જ્યાં છે ત્યાં 'સર્વે' ઑફ ઇન્ડિયા'ના નકશામાં 'રા' કનોજ' નામ જણાવેલ છે અને બાજુમાં દહેરીનું ચિત્ર નિશાન તરીકે દર્શાવેલ છે. બોમ્બે ગેઝેટિયર, ગ્રંથ ૫ માં 'સાંવલાપીર' સ્થાનક દર્શાવેલ છે અને જૂની સમાધિ પર કૂબો સાંવલાપીરના પુત્ર હજારીએ બંધાવેલ હોવાનું જણાવેલ છે.

**૨. રિયાણપટ્ટણમાંથી મળેલ સૂર્યમૂર્તિ :** માંડવી તાલુકાના માંડવી બંદર નજીકના જૂના રાયણ ગામેથી એક કૂવામાંથી સૂર્યની લઘુ પ્રતિમા થોડા વખત પર મળેલ છે. આ પ્રતિમા ૧૪.૫ સેં.મી, ઊંચાઈ, ૯.૫ સેં.મી. પહોળાઈ તથા ૫.૦૦ સેં.મી. ઊંડાઈની અને દ્વિભુજવાળી તથા માથે મુગટ, કાનમાં લટકણિયાં, શરીરે વનમાળા તથા પગમાં હોલબૂટ પહેરેલ હોય એ પ્રમાણે કંડારેલી આસરે ત્રીજી કે ચોથી સદીની હોવાનું કચ્છ મ્યુઝિયમના ભૂતપૂર્વ ક્યુરેટર શ્રી પુષ્પકાંત ધોળકિયાએ ('ગુજરાત' દીપોત્સવી અંક, સં. ૨૦૪૨ નાં પૃષ્ઠ ૧૧૫ થી ૧૨૪ પર પ્રગટ થયેલ) એમના લેખ 'સૂર્ય પ્રતિમાઓ'માં જણાવેલ છે તથા એ પ્રતિમા અત્યારે શ્રી કચ્છ મ્યુઝિયમ-ભુજમાં રાખેલ છે એમ જણાવેલ છે. આ પ્રતિમા પરથી કચ્છમાં સૂર્યપૂજા ઈ. પૂ. ત્રીજી-ચોથી સદીમાં એટલે કે કાઠીઓના આગમન પહેલાં પણ પ્રચલિત હતી એમ સિદ્ધ થાય છે.

**૩. કચ્છમાંથી મળેલ હડપ્પીય સીલો(મુદ્રાઓ)નો ઉકેલ :** કચ્છમાંથી નવા ખિરસરા પાસે ગઢવાળી વાડીમાંથી સીલ(મુદ્રા) મળ્યા પહેલાં દેસલપુર (નખત્રાણા) અને પછી ધોળાવીરામાંથી મળેલ છે. આ બંને સીલોના ઉકેલ વિશે આ ઇતિહાસગ્રંથના લેખકે ગઈ સાલ પં. કિશનચંદ્ર જેતલીજીને પૂના પત્ર લખીને તથા એ સાથે સીલો પરના વર્ણોના હસ્ત-નકલો (ચિત્રાંકન) મોકલીને ઉકેલ માટે વિનંતી કરેલ. આ પરથી શ્રી જેતલીજીએ એ મુદ્રાઓ વિશે અભ્યાસ કરીને પોતાનો ઉકેલ દર્શાવેલ, જે નીચે પ્રમાણે છે :

**(૧) દેસલપુર સીલ :** "સુસાના પુત્ર સૌસ(ઋષિ) ખરેખર શુક્ર જેવા છે."

**(૨) ધોળાવીરા સીલ :** "નભગનો યજ્ઞ વખાણવા જેવો છે." સીલમાં પશુનું ચિત્ર છે તે યજ્ઞ-પશુનું છે.

શ્રી જેતલીજીના અભિપ્રાય પ્રમાણે સુસા યાને શશ ઋષિ તથા નભગ ઋષિ ઋગ્વેદનાં અમુક સૂક્તોના દ્રષ્ટા છે અને સુસા ઋષિના પુત્ર જ્યોતિષ-વિદ્યાના વિશારદ ગણાયા છે. શુક્ર કૃત્તિકા રોહિણી તથા મૃગશીર્ષ એ ત્રણ નક્ષત્રોનો સ્વામી ગણાય છે અને એ નક્ષત્રો વસંતસંપાતનો સમય દર્શાવે છે, જે યજ્ઞો માટે શ્રેષ્ઠ ગણાય છે. શ્રી જેતલીજીના અભિપ્રાય પ્રમાણે ઋગ્વેદકાલ ઈ.સ. પૂ. ૬૦૦૦ અરસાનો ગણાયો છે અને ઉપર્યુક્ત બીજું સીલ એ અરસાનું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. **સિંધુની શાખાઓ :** સિંધુ નદીની પૂર્વની બે શાખા વાહંદ તથા હાકરા પૈકી વાહંદ ઉમરકોટ પાસેથી થરના રણમાં વહી જતી હતી તથા હાકરા કચ્છના મોટા (ઉત્તરાદા) રણમાં લખપતની ઉત્તરે મીઠા પાણીનું સરોવર બનાવતી હતી, જેને લઈને કચ્છને ચોખાના મબલખ પાકની ઊપજ થતી હતી. હાકરાનો વચ્ચેથી એક જુદો ફાંટો વાહંદને મળતો અને એ નગરપારકરની ઉત્તરે પારીનગર પાસે પહોંચતો હતો. હાકરાની પાસે સિંધની હદમાં વીંધૂર વીંઘોઘેડ તથા બલિયારી વગેરે બંદર તથા શહેર હતાં અને કચ્છની હદમાં છ.રી નિરુણા વગેરે બંદરો હતાં. ઈ.સ. ૧૮૧૯ ના ધરતીકંપની પહેલાં લખપતની ઉત્તરે કચ્છનું 'સીંદરી'નું જકાતી થાણું હતું અને અત્યારના સિયોત ગામને સ્થળે પહેલાં એક તાલુકા જેટલો જમીનનો પ્રદેશ હતો. ધરતીકંપને કારણે નદીનું તળ ઊંચું થયું અને એ સ્થળે 'અલ્લાહબંધ' સરજાયો તેથી નદીનું વહેણ બદલાઈને પશ્ચિમ તરફ ધકેલાયું. આમ થવાથી સીંદરીનું જકાતી થાણું તથા સિયોત પાસેના પ્રદેશમાં દરિયાનાં પાણી ફરી વળ્યાં અને જમીન દટાઈ ગઈ, સીંદરીનો કિલ્લો દટાઈ ગયો તથા કચ્છને મળતી ચોખાની પેદાશની આવક પણ બંધ થઈ.

૫. **મધ્યકાલીન સમયમાં સ્ત્રીઓનો પહેરવેશ :** કચ્છમાં આવેલ કેરાકોટ તથા પધ્ધરગઢનાં શિવમંદિરોનાં શિલ્પકામોમાં સ્ત્રીઓએ પણ પુરુષોની માફક ધોતી(ઘાઘરાની જગાએ) કેડ નીચે પહેરેલ હોવાનાં તથા કેડમાં કમરબંધ ધારણ કરેલ હોવાનાં અંકન કંડારેલ જોવા મળે છે તે પરથી પુરાતન કાલમાં તથા મધ્યકાલીન સમયમાં પણ ઘણી સ્ત્રીઓ કેડ નીચે ધોતી પહેરતી હશે અને કેડમાં કટિમેખલા ધારણ કરતી હશે એમ જણાય છે. મહારાષ્ટ્રમાં સરેરાશ સ્ત્રીઓ અત્યારે પણ ધોતી જેમ સાડી શરીરના નીચેના ભાગમાં કેડની નીચે ધારણ કરતી હોવાનું જોવામાં આવે છે તથા કચ્છો વાળતી હોય છે. ઘાઘરાનો પહેરવેશ દાખલ થયા પહેલાં સર્વે સ્ત્રીઓ પણ પુરુષની માફક ધોતી કેડ નીચે પહેરતી હશે અને કેડ ઉપરનો ભાગ ખુલ્લો રાખતી હશે અથવા કંચુકી પહેરતી હશે.

૬. **સાંપ્રત કાલના કચ્છના મહાન સપૂતો :** પ્રાચીન કાલ તેમજ મધ્યકાલીન સમયમાં કચ્છના ઘણા મહાન સપૂતોની જીવનરેખા આ લેખમાળામાં રજૂ થયેલ છે. છેલ્લાં સો બસો વર્ષો દરમ્યાન કચ્છના મહાન સપૂતો દેશ-વિદેશમાં વેપાર ઉદ્યોગ દાનવીરતા કલા-કારીગરી મુત્સદ્દીગીરી તથા શૌર્ય અને દેશભક્તિ વગેરે અનેક ક્ષેત્રોમાં પંકાયા છે. અર્વાચીન સમયમાં આવા મહાનુભાવોમાં શિક્ષણ તથા દાનવીરતાના ક્ષેત્રે શેઠ ગોકુલદાસ તેજપાલ, કેશવજી નાયક, નરસી નાથા તથા લેડી પ્રેમલીલા ઠાકરસી, ઔદ્યોગિક ક્ષેત્રે શેઠ ધરમસી ખટાઉ મકનજી તથા શ્રીમતી સુમતિબહેન મોરારજી, વિદેશ વેપાર-ક્ષેત્રે શેઠ લધા દામજી, શૌર્ય તથા મુત્સદ્દીગીરી ક્ષેત્રે જમાદાર ફતેહમામદ તથા સુંદરજી સોદાગર, કલાકારીગરીના ક્ષેત્રે રામસંગ માલમ તથા જગમાલ રાજા, દેશભક્તિક્ષેત્રે શ્યામજી કૃષ્ણ વર્મા તથા યુસફ મહેરઅલી તથા ખુશાલભાઈ શાહ અને સાહિત્યક્ષેત્રે હાજીમહમદ, નારાયણ વિસનજી, કવિ નિરંજન તથા મહાપંડિત પીતાંબરનાં નામ અગ્રસ્થાને છે.

૭. કચ્છમાં સન ૧૯૫૬ જુલાઈ ૨૧ ના રોજ ભયંકર ભૂકંપ થવાથી અંજારમાં ૧૦૭ માણસોનાં મૃત્યુ તથા ભયંકર ખુવારી થયેલ. પંડિત જવાહરલાલ નેહરુ કચ્છમાં નિરીક્ષણ માટે આવ્યા હતા. કચ્છમાં ભૂજથી નળિયા સુધીની ૧૧૦ કિ.મી રેલવે લાઈન મીટર ગેજનું કામ પૂરું થયું છે અને તુરતમાં વહેવાર ચાલુ થવાનો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંદર્ભસૂચિ


૧ આર્ટ ઇન ઈન્ડિયા : — કેલુમ્બર શિવરામ મૂર્તિ
૨ એન્શિયન્ટ હિસ્ટરી ઑફ ઈન્ડિયા — વિન્સેન્ટ સ્મિથ
અનુ. : હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ — સ્વ. અંબાશંકર પુરાણી
૩ બ્લેક હિલ્સ ઑફ કચ્છ — પ્રો. રશબ્રુક વિલિયમ્સ
અનુ. : કારા ડુંગર કચ્છજા — સ્વ. વસંતરાય પટણી
૪ ભારતીય સંસ્કૃતિ — સ્વ. રમણલાલ વસંતરાય દેસાઈ
૫ કચ્છની જૂની વાર્તાઓ — સ્વ. ગૌરીશંકર બેરાસાત
૬ કચ્છ દેશનો ઇતિહાસ — સ્વ. આત્મારામ કે. દવે
૭ કચ્છનું સંસ્કૃતિદર્શન — શ્રી રામસિંહજી રાઠોડ
૮ અસાંજો કચ્છ — શ્રી. કે. કા. શાસ્ત્રી
૯ ભાતીગળ ભોમકા કચ્છ — શ્રી. નરેન્દ્ર જોશી
૧૦ કચ્છનો બૃહદ્ ઇતિહાસ — સ્વ. જયરામદાસ નયગાંધી
૧૧ સિંધુખીણની સંસ્કૃતિ — શ્રી. ઠાકરસી પુ. કંસારા
૧૨ રિપોર્ટ ઑન ધી આર્કિટેક્ચરલ ઍન્ડ આર્કિયોલોજિકલ રિમેઈન્સ ઇન ધ પ્રોવિન્સ ઑફ કચ્છ, બોમ્બે — શ્રી. દલપતરામ પ્રા. ખખ્ખર
૧૩. કચ્છ મ્યુઝિયમ સેન્ટિનરી સુવેનિર, ૧૯૭૪-૭૮ — કચ્છ મ્યુઝિયમ, ભૂજ
૧૪. 'સ્વદેશ'–દીપોત્સવી અંક, સં ૧૯૯૦ — 'સ્વદેશ' કાર્યાલય, મુંબઈ
૧૫. મિરાતે એહમદી, ૧૩૬૨ — અલીમહમદખાન
અનુવાદ — શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરી


For Private and Personal Use Only

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૫ | સમુમાં | સમુદ્રમાં |
| ,, | ૬ | પશ્ચિમ | પશ્ચિમ |
| ૨ | ૧૪ | ૬૮°-૯'-૨૪" | ૬૮°-૯'-૪૬" |
| ૩ | ૧૦ | મોડબુઆ | મોડકૂબા |
| ૮ | ૩ | લષ્ટિઓ ૨ જા | લષ્ટિઓમાં રાજા |
| ,, | ૧૭ | ૫૮ | ૧૫૮ |
| ,, | ૨૦ | ૨૪૬ | ૨૩૬ |
| ૯ | ૧૬ | મજુમદાર | જમીનદાર |
| ૧૦ | ૩૩ | પુત્ય મિત્ર | ચંદ્રગુપ્ત |
| ૧૧ | ૯ | હતો -ઈ.સ. | હતો. ઈ.સ. ૩૫૦માં સમુદ્રગુપ્ત તથા ઈ.સ. |
| ૧૩ | ૨૯ | લાખા ફુલાણી બર્જેસ | લાખા ફુલાણીએ બંધાવેલા હોવાનું શ્રી બર્જેસે |
| ૧૪ | ૩ | સૂર્ય | શિવ |
| ૧૬ | ૨ | ૬ ૦ | ૬૩૦ |
| ,, | ૬ | સલોરપી | અલારેપી |
| ૧૯ | ૩૪ | જનશ્રુતિઓનું | જનશ્રુતિઓને |
| ૨૦ | ૨૨ | શાસકો હતા | શાસકો ન હતા |
| ૨૩ | ૧૩ | ૮૮૦ | ૮૭૦ |
| ૩૦ | ૨૦ | બર્જેસ | બર્નેસ |
| ૩૭ | ૧૩ | સામે | સાલમાં |
| ૩૯ | ૨૬ | કાંધોજી | કાંગોજી |
| , | ૩૭ | આવ્યો-આ વર્ષો | આવ્યો ત્યારબાદ બસો વર્ષ બાદ ગાદીએ આવ્યો આ વર્ષો |
| ૪૧ | ૧ | -ચિંત | ૨ ચિત |
| ૪૧ | ૧ | ૧૯૫૦ | ૧૮૬૦ |
| ૪૪ | ૩૪ | વિદ્વાન અને બ્રાહ્મણો | વિદ્વાન બ્રાહ્મણો |
| ૪૭ | ૧૯ | ધરાવે છે. અણગઢનું કેરાનું | ધરાવે છે. કેરાનું |
| ૪૯ | ૧૨ | કુવો | કૂબો |
| ૫૧ | ,, | પશ્ચિમ | પૂર્વે |
| ૫૪ | ૨૮ | ખુણા | લૂણા |
| ૫૭ | ૧ | ૧૩૫૭ | ૧૩૪૭ |
| ૬૪ | ૫ | ભમડકા | ધમડકા |
| ૬૫ | ૧૫ | ખરચો | ખટચો |
| ૬૭ | ૬ | ખીર કરતા | પારકરના |
| ૭૨ | ૧૬ | પ્રાગમલજીએ | લખપતજીએ |
| ૭૩ | ૧૦ | ૧૭૩૮ | ૧૭૫૩ |
| ૮૦ | ૯ | આમરણ | હરિયાણા |
| ૮૧ | ૧૬ | લખુંભા | લખુભા |
| ૮૬ | ૬. | ૧૮૧૯ના અંતમાં | ૧૮૨૦ની શરૂઆતમાં |
| ,, | ૩૦ | ભદ્રેશ્વર | ભટેશ્વર(અંજાર) |
| ૮૯ | ૨૧ | મોડસર | મોટાસા |
| ,, | ૨૪ | હજાર પુર | હમીરપુર, ગેડી |
| ,, | ૨૫ | વાટિયા | વાઢિયા |
| ,, | ૩૬ | નાહરે | નાઇટ |
| ૯૦ | ૩૨ | બર્જેસે | બર્નેસે |
| ૯૧ | ૨૨ | નગર પર | નાગલપર |
| ૯૩ | ૩ | રણ | તૂણા |
| ૯૬ | ૩૧ | પ્રજાના | પ્રજાજનો |


**પ્રસ્તાવના**

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૭ | Jungles | Ingress |
| ,, | ૧૧ | વિદ્વાનોને | વિદ્વાનોનો |


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાખા ફુલાણીનાં બંધાયેલાં ગણાતાં (૧૦ મી સદીના અંતભાગનાં)



કોટાયનું ભગ્ન સૂર્યમંદિર



કેરાનું ભગ્ન શિવમંદિર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# Look for the elephant if you're in the building business.

Now good news for builders and contractors. For good quality cement that makes buildings last and last. Use Elephant Brand Cement from Saurashtra Cement and Chemical Industries, Ltd.




Choose from ordinary Portland cement or Pozzolana Portland cement. Both carry the ISI mark.

RANAVAV-360 560 (Gujarat)
Gram : 'SUCCESS', Ranavav
Tele. 21497/98/99, 21529, 21785
Telex : 166-222 SHRI IN

AHMEDABAD OFFICE :
602, 6th Floor,
Chinubhai Centre, Ashram Road,
AHMEDABAD-9 : Tele. No. 78372

## SAURASHTRA CEMENT & CHEMICAL INDUSTRIES, LTD.


મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ડે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૩-૧૯૯૦

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂ ઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only